Permitted to Post at PSO-AHD : On every Tuesday

Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮

Reg. under RNI No. GUJGUJ/2003/16248

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ
માહિતી પ્રતિબિંબિત કરતું સફળ
ગુજરાતી સાપ્તાહિક

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

# THE ECONOMIC REVOLUTION

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૯ ● તા. ૨૨.૦૨.૨૦૧૧ થી ૨૮.૦૨.૨૦૧૧ ● મહા વદ ૦૫ થી મહા વદ ૧૧ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## બોટમ આઉટ થવાની આશાએ બજારો ૨.૭ ટકા ઉપર

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન ભારતીય બજારોમાં આખરી ટ્રેડીંગ સેશન સિવાય લેવાલી તેમજ હકારાત્મક વલણનું મોજું જોવા મળ્યું હતું. જેમાં સેન્સેક્સ ૨૯૫.૩૦

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

પોઈન્ટ તેમજ નિફ્ટી ૮૭.૫૦ ઘટીને અનુક્રમે ૧૮૨૧૧.૫૨ તેમજ ૫૪૫૮.૯૫ બંધ રહ્યા હતા. જ્યારે સાપ્તાહિક ધોરણે બજારો ૨.૭ ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈનો બેંકેક્ષ ઈન્ડેક્ષ ૫ ટકા ઉછળ્યો હતો જ્યારે મેટલ અને કેપિટલ ગુડઝ સેક્ટરના ઈન્ડેક્ષો પણ ૪ ટકાના વધારા સાથે સપ્તાહ પુરુ કર્યું હતું. બીજી બાજુ આઈટી ઈન્ડેક્ષમાં ૧.૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. જ્યારે રિયલ્ટી સેક્ટરની કંપનીઓમાં વેચવાલી જારી રહેતા ૨.૭ ટકા નું નુકસાન રહ્યું હતું. મેટલ કંપનીઓમાં જે એસપીએલ ૧૦ ટકા, ટાટા સ્ટીલ ૭.૫ ટકા, તેમજ સેસાગોવામાં ૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. બેંકિંગ શેરોમાં કોટક મહિન્દ્રા બેંક, એસબીઆઈ, એક્ષિસ બેંક, તેમજ એચડીએફસી બેંકમાં સપ્તાહ દરમ્યાન ૫-૬ ટકાનો વધારો નોંધાયો હતો.

અન્ય લાર્જ કેપ શેરોમાં બજાજ ઓટો ૬.૫ ટકા, દિગ્ગજ એલ એન્ડ ટી ૫.૫ ટકા, તેમજ જેપી એસોસિએટમાં ૪.૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. જો કે અનિલ અંબાણી ગ્રુપના શેરોમાં ખરાબ સમાચારોનાં પ્રવાહને પગલે વેચવાલી જારી રહેતા રિલાયન્સ કોમ્યુનિકેશનમાં ૩.૫ ટકા, રિલાયન્સ ઈન્ફ્રામાં ૧ ટકા, રિલાયન્સ પાવરમાં ૦.૮ ટકાનો ઘટાડો જારી રહ્યો હતો. રિયલ્ટી શેરોમાં ડીએલએફમાં ૬ ટકા, નુકસાન રહ્યું હતું. જ્યારે ઓએનજીસી તેમજ વેદાન્તા વચ્ચે અટવાયેલી ડીલને કારણે કેઈર્ન ઈન્ડિયાના શેરોમાં પણ ૩ ટકાનું નુકસાન રહ્યું હતું.

મિડકેપ શેરોમાં લેવાલીને પગલે બીએસઈનો મિડકેપ ઈન્ડેક્ષ અને સ્મોલકેપ ઈન્ડેક્ષ તેમજ એનએસઈનો નિફ્ટી જૂનીયર ૩-૪ ટકા વધ્યા હતા. જ્યારે મિડકેપ શેરોમાં માંનાપુરમ જનરલ તેમજ મિક ઈલેક્ટ્રિકમાં અધધ ૪૦ ટકાનો ઉછાળો આવ્યો હતો. ઉપરાંત એસટીસી ૩૦ ટકા વધ્યો હતો. જો કે બીજી બાજુ જ્યુબીલન્ટ લાઈફ સાયન્સ, અનંતરાજ ઈન્ડ., ૨૦ ટકા તૂટ્યા હતા. તેમજ ડીબી રિયલ્ટી અને ડેક્કન ક્રોનિકલ અને પટેલ એન્જિનિયરિંગ અને શ્રી રેણુકા સુગરમાં પણ ૫-૧૫ ટકાનું નુકસાન નોંધાયું હતું.

## ૨૧ ફેબ્રુઆરી થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૫૫૯)**
**સેન્સેક્ષ (૧૮૨૧૨)**
**તા. ૧૮.૨.૨૦૧૧**

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http:// ww.prakashgaba.com

અમોએ જણાવેલ કે ''ટેકનીકલી બજાર હજુ પણ નબળું જણાય છે અને હજુ બજારે મજબૂતાઈનાં કોઈ ચિન્હો દર્શાવેલ નથી. શુક્રવારે બજારે ઉર્ધ્વગતિ દર્શાવી જે શોર્ટ કવરીંગ ઉર્ધ્વગતિ વધુ જણાતી હતી. હજુ પણ આપણે વધુ શોર્ટ કવરીંગ જોઈ શકીશું જે બજારને ૫૪૧૬ થી ૫૫૬૦ સુધી ઉંચકી શકે, જો કે હજુ પણ આપણો મજબૂત ટેકો ૫૧૧૯ છે.''

બજાર અપેક્ષા મુજબ જ રહ્યું અને અમારો લક્ષાંક ૫૫૬૦ સાધ્ય પણ કર્યો, પરંતુ સપ્તાહના અંતે પ્રોફીટ બુકીંગના કારણે બજાર ઘટાડા સાથે બંધ આવ્યું.

ટેકનીકલ બજાર અપેક્ષા મુજબના પ્રતીભાવ આપી રહેલ છે , તેમ જ બજાર દબાણ હેઠળ જણાય છે અને એવી ખૂબ સારી શકયતાઓ છે કે બજાર હજુ પણ પ્રોફીટ બુકીંગ દર્શાવશે અને ધીરે ધીરે ૫૩૦૦ ની સપાટી સુધી સરકી જશે. જો કે બજાર ૫૬૭૦ની સપાટીએ મજબૂત પ્રતિકારક સપાટી ધરાવે છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં જયાં સુધી બજાર ૫૬૭૦ તરફ ગતિ કરી રહેલ હોય ત્યાં સુધી હું પ્રોફીટ બુકીંગ કરવાનું હિતાવહ માનું છું.

## છેલ્લા ૪ દિવસની રેલીનો પ્રોફીટ બુકીંગે વધ કર્યો

બજાર અપેક્ષા મુજબ ૫૧૭૫ની ટેકાની સપાટીએથી પાછું વળ્યું અને આ ઉછાળે ખુબ જોશભરેલ હતો અને હવે બજાર ૫૩૫૦ થી ૫૬૨૦ની રેન્જમાં મજબુતાઈ કેળવી રહેલ છે. જો બજાર ૫૩૫૦ ની સપાટી તોડે તો તેનો અર્થ એ કે તે ૫૦૫૦ની સપાટી દર્શાવે અને જો ૫૬૨૦ની સપાટી ઉપર જાય તો પછી આપણે ૫૯૫૦ની ઉપર તરફની સપાટી તરફ ગતિ કરી શકીએ. કોઈ પણ દીશામાં ઝડપ તિવ્ર હોય, પરંતુ શુક્રવારની વેચવાલીએ સ્પષ્ટ પણ દર્શાવેલ છે કે છેલ્લા ૫ દિવસની દોડને બ્રેક લાગી છે અને હવે કદાચ આપણે ૫૯૫૦ ની સપાટી જોઈ શકીએ તે પહેલાં ૫૪૦૦ - ૫૩૫૦ની સપાટી જોવા મળે. જો બજેટ બજારને કોઈ સરપ્રાઈઝ આપે તો આ સપાટી જોવા મળે, પરંતુ જો કોઈ નકારાત્મક સરપ્રાઈઝ આવે તો પછી ૫૨૦૦ થી ૫૦૫૦ની સપાટી પણ જોવા મળી શકે. હાલમાં બહાર પડી રહેલ કૌભાંડો અને નકારાત્મક સમાચારો સ્વદેશી બજાર માટે ખૂબ નકારાત્મક છે

### માર્કેટ ટ્રેન્ડ



આસુ કક્કર
મો.
૦૯૯૮૯૬ ૯૩૩૨૦
૦૯૯૮૯૯ ૨૦૯૮૭
Website : www.ashuukakkarr.com
Email ID : ashuu@ashuukakkarr.com / info@ashuukakkarr.com

અને તે કારણે રોકાણકારો શેરબજારથી દૂર જઈ શકે. દૈનિક ચાર્ટ પર બેંકેક્ષ અને નિફ્ટી ઓવરબોટ ઝોનમાં છે તેથી વધુ વેચવાલી જોવા મળી શકે, સ્ટોક સ્પેસિફિક રહેવું હિતાવહ

**આવનાર સપ્તાહમાં ટ્રેડીંગ કરવા જેવા શેર**

**ટેકનીકલ ખરીદવા જેવા શેર**

**૧. ટાટા મોટર્સ વેચો :** રૂ. ૧૨૦૫, સ્ટોપ લોસ રૂ. ૧૨૫૦, લક્ષાંક ૧૧૧૫૦-૧૧૧૫

**૨. મારૂતિ વેચો :** રૂ. ૧૨૨૮.૭ સ્ટોપ લોસ રૂ. ૧૩૫૦, લક્ષાંક ૧૧૭૫-૧૧૧૪૦

**૩. એક્ષીસ વેચો :** રૂ.૧૨૯૬.૬, સ્ટોપ લોસ રૂ. ૮૩૮, લક્ષાંક ૧૨૩૮-૧૨૧૦

**૪. બેંક ઓફ બરોડા વેચો :** રૂ.૯૦૦, સ્ટોપ લોસ રૂ. ૯૪૦, લક્ષાંક ૮૪૦

**૫. ટી સી એસ વેચો :** રૂ. ૧૦૮૯, સ્ટોપ લોસ રૂ. ૧૧૩૦, લક્ષાંક ૧૦૪૦

## આ સપ્તાહે એફ એન્ડ ઓ એક્ષપાયરી અને બજેટની અપેક્ષાઓ બજારને દીશા આપશે

**તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૧ બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

શોર્ટ કવરીંગને કારણે સ્માર્ટ રિકવરી જોવા મળી અને તે એફ આઈ આઈની ખરીદીના કારણે ૨-૩ દિવસ ટકી પણ ખરી

**આવનાર સપ્તાહે નીચે દર્શાવેલ પરિબળો બજારને દીશા આપશે**

**૧. એફ આઈ આઈ** ૨૦૧૧ની

### બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

સાલની શરુઆતથી સ્પષ્ટ વેચાણકર્તા જ રહેલ છે, જો આ વેચવાલી ચાલુ જ રહેશે તો બજાર ગત સપ્તાહે દર્શાવેલ રેલીમાં થોડો શ્વાસ લઈ દક્ષિણ દીશા તરફ ગતિ કરશે.

**૨. સરકારશ્રી** તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ રેલવે બજેટ અને સોમવાર તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ યુનિયન બજેટ જાહેર કરશે. તેથી આપણે આગળ ઉપર બજેટ હોવાને કારણે સ્ટોક સ્પેસિફિક ગતિ જોઈ શકીએ.

**૩.કેપિટલ ગુડસ** અને મેટલ ઈન્ડસ્ટ્રીજ અપેક્ષા રાખી રહેલ છે કે એકસાઈજના માળખામાં ફેરફારને કારણે આયાત ડયુટીમાં વૃધ્ધિ થશે. ઓટો ઈન્ડસ્ટ્રીઝ પણ હાલની એકસાઈજ ડયુટીના માળખામાં ફેરફારની અપેક્ષા રાખી રહેલ છે. બેંકીંગ અને ફાઈનાન્સિઅલ સેકટર અપેક્ષા રાખી રહેલ છે કે સરકાર ટેક્ષ એક્ઝિમ્પ્ટેડ ટર્મ ડીપોઝીટની મુદતમાં વધારો કરશે. એકંદરે સરકાર તરફથી એવી અપેક્ષા રાખવામાં આવેલ છે કે તે સોશિયલ રિફોર્મ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પાછળનો ખર્ચ વધારશે.

**૪.બીજી તરફ** રેલવેમાં ખાસ કેટેગરી જેવી કે સ્ટીલ, સિમેન્ટ અને કાચુ લોખંડ વગેરેમાં ભાડાના દરમાં જો કોઈ વૃધ્ધિ કરવામાં આવે તો તે બજારને અને ઉદ્યોગને અવળી અસરો કરશે. પરંતુ આપણે અપેક્ષા રાખીએ કે એવું ન બને.

**૫.છેલ્લું પરંતુ અંતિમ નહીં** સીબીઆઈની તપાસ જોરદાર ચાલી રહી છે, જો આ રીતે જ તપાસ ચાલતી રહેશે તો આપણને આ કૌભાંડોમાં બીજાં ઘણાં મોટાં માથાંઓનાં નામ સાંભળવા મળશે અને સીબીઆઈ તેમની ધરપકડ પણ કરશે. જે સરકાર પર દબાણ ઉભું કરશે. હાલમાં આખું વિશ્વ ભારત તરફ નજર માંડીને બેસેલ છે કે સરકાર આ બધા પ્રશ્નો કઈ રીતે ઉકેલે છે.

આપણે અપેક્ષા રાખીએ કે ભારતીય બજારોમાં નાના રોકાણકારો અને એફ આઈ આઈનો રસ જાળવી રાખવા માટે નાણા મંત્રીશ્રી આગળ આવશે અને કરવેરાના માળખામાં કોઈ સુધારો લાવશે (જેમ કે એસ ટી ટી માં ઘટાડો) અથવા તો તેઓ હાલનું કેપિટલ ગેઈન માળખું પણ બદલી શકે.

**એફ આઈ આઈ ની વેચવાલી :** ૨૦૧૧માં એફ આઈ આઈ નેટ સેલર તરીકે ચાલુ રહ્યા તેનાં ૨ કારણો છે, એક તો પ્રાથમિક કારણ એ છે કે એફ આઈ આઈ, મજબૂત યુ એસ રિકવરીને કારણે તેમનું રોકાણ અહીંથી પરત ખેંચી લઈ રહ્યા છે, આ અંગે અમોએ દિવાળી સ્પેશિઅલ અંક ૨૦૧૦ માં ચેતવણી પણ આપેલ હતી. અમે અપેક્ષા રાખીએ છીએ કે તે હજુ પણ ચાલુ જ રહેશે. બીજું અને સેન્ટીમેન્ટલ કારણ, જયારે ઘણા રાજકીય નેતાઓ અને સરકારી ઉચ્ચ અધિકારીઓ મોટા કૌભાંડો સાથે સંકળાયેલ છે અને તેમનાં નામો ખુલી રહેલ છે અને ભારતમાં કાયદો બનાવનારા જ કાયદો તોડી રહેલ છે તેવું તેમના ધ્યાનમાં આવ્યું ત્યારે તેઓએ અત્રેથી વિશ્વાસ જ ગુમાવી દીધો.

**બ્રોકર્સ તરફથી માર્જીન કોલ :** અમોએ ટોપ રેટેડ શેરોમાં પણ ખૂબ મજબૂત વેચવાલી જોઈ છે.આ કંપનીઓએ ત્રિજા ત્રિમાસીક ગાળાનાં પરિણામો ખૂબ સારાં દર્શાવેલ હતાં, આ ઉપરાંત ઘણી કંપનીઓને સીબીઆઈએ તાજેતરમાં થયેલ કૌભાંડો સાથે જોડી દીધી તેથી ઘણી કંપનીઓ તેમનું નાક બચાવવા દોડાદોડ કરી મૂકી, જો કે ઘણી કોર્પોરેટ કંપનીઓએ ત્રિજા ત્રિમાસિક ગાળાનાં ખૂબ સારાં પરિણામો દર્શાવ્યાં, પરંતુ સાથે એક ચેતવણી પણ જણાઈ કે હવે તેઓ આવનાર ત્રિમાસીક ગાળામાં આટલાં સારાં પરિણામો દર્શાવી નહીં શકે કારણ કે હવે તેમનાં ઉત્પાદનોની પડતર વધી છે, વ્યાજદરમાં વૃધ્ધિ થઈ છે, કાચા માલના ભાવોમાંઅને બળતણના ભાવોમાં પણ વૃધ્ધિ થઈ છે. આમ છતાં અમને અપેક્ષા છે કે આવનાર બજેટ લોકસાનૂકૂળ હશે, પરંતુ અમે ફ્રેઈટ ચાર્ટમાં વૃધ્ધિની અપેક્ષા રાખી રહેલ છીએ, ખાસ કરીને રેલવે બજેટમાં કે જે સ્ટીલ અને સિમેન્ટ જેવા ઉદ્યોગોને ખાસ અસરકૃત બને છે.

**રીંગ માસ્ટ આર બી આઈ :** રીંગ માસ્ટર આર બી આઈ રાજવિત્ત્ય ખાદ્ય અને ઉચ્ચતમ ફૂગાવા તરફ ખૂબ ધ્યાનથી જોઈ રહેલ છે. આર બી આઈ એ તેમની છેલ્લી પોલીસી રિવ્યુ મીટીંગમાં એવો અણસાર આપેલ હતો કે હજુ પણ તેઓ રાજવિત્તિય ખાદ્ય અને ફૂગાવાને ડામવા માટે કઠોર પગલાં લઈ શકે તેમ છે.

**અનુસંધાન પા.નં. ૬ ઉપર**

## ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત જેવો શેર બજારનો ઘાટ

નમસ્કાર મિત્રો,

ગયા સપ્તાહમાં આપણે જોયું કે ચાર દિવસ તેજી અને છેલ્લા દિવસે મંદી જોવા મળી હતી. એટલે કે ''ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત''. વાક્ય કહેવા પુરતું નથી પરંતુ હકીકત એ જ છે કે

### પોઈન્ટ બ્લેન્ક



શેખ આસિફ
મો. ૯૭૨૫૦૫૦૫૦૭
yooza_143@yahoo.com

બજાર હજુ સુધી મંદીમય અમને લાગે છે, પરંતુ હમેશા લેવલ જોઈને અને ઉછાળે જ વેચવું એ પણ રિયલ્ટી અને ઓટો તથા ફાઈનાન્સ સેક્ટરમાં જ. પોતાની રીતે અને મોટું શોર્ટ કરશો તો જોખમી બની રહેશે. તેથી જે સ્ટોક મંદીમય લાગે તેને જ યોગ્ય રીતે શોર્ટ કરો. અમે આર. કોમમાં શોર્ટ કરવા જણાવ્યું હતું અને તે ૯૨ બંધ આપ્યું છે જો હજુ તે ૮૯ તોડે તો ૮૦ જઈ શકે છે તેથી શોર્ટ માત્ર ઉપરના લેવલથી જ કરવું. ૧૦૫ ઉપર શોર્ટ ન કરવું.

હવે આવીએ બજારની વાત ઉપર. ગયા સપ્તાહમાં સેન્સેક્સ અને નિફ્ટી ૨-૨ ટકા વધીને બંધ આવ્યા. નિફ્ટી આ સપ્તાહે ૧૪૯ પોઈન્ટ વધીને ૨.૮ ટકાના વધારા સાથે ૫૪૫૮ બંધ આવી છે જ્યારે સેન્સેક્સ ૨.૭ ટકા વધીને ૧૮૨૧૧ બંધ આપ્યો છે. સેક્ટરના હિસાબે રિયલ્ટીને છોડીને બધા સેક્ટર તેજીમય રહ્યા હતા. વધારે બેંકિંગ સ્ટોકમાં ઉછાળો જોવા મળ્યો હતો.

આવનાર સપ્તાહની વાત કરીએ તો આવનાર સપ્તાહમાં રેલ્વે બજેટ અને યુનિયન બજેટ રજૂ થનાર છે તેથી માર્કેટમાં વોલેટાલિટીનું પ્રમાણ વધારે રહી શકે છે અને જેમ જેમ સરકાર જે સેક્ટરમાં ટેક્ષ બેનિફીટ કે રાહત આપશે તેમાં તેજી મંદી વધારે જોવા મળી શકે છે તેથી મિત્રો આ સપ્તાહે સંભાળીને ટ્રેડીંગ કરવું હિતાવહ રહેશે તથા યોગ્ય સ્ટોપલોસ રાખવો પણ હિતાવહ રહેશે. અત્રે આપેલ સ્ટોકમાં લેવલથી શોર્ટ તથા બાય પોઝીશન બનાવી શકાય.

**પાર્શ્વનાથ ડેવલપર**

**બંધ ભાવ (૩૦.૬૫):** રિયલ્ટી ક્ષેત્રની આ કંપનીમાં ઉછાળે વેચવાલી જોવા મળી શકે છે. હાલમાં બજારમાં રિયલ્ટી સ્ટોકમાં દબાણ હોવાથી ઉછાળે નફો બુક કરવો અથવા શોર્ટ કરો. પાર્શ્વનાથમાં ૩૦ની નીચે ૨૯ ની આસપાસ શોર્ટ કરો સ્ટોપલોસ ૩૩ રાખવો અને ટાર્ગેટ ૨૫ અને ૨૫ નીચે જાય તો ૨૨-૨૦નો ટાર્ગેટ જોવા મળી શકે છે.

**યુનિટેક**

**બંધ ભાવ (૩૪.૨૦)**

યુનિટેક પણ રિયલ્ટી દિગ્ગજ કંપની છે. હાલમાં જાહેર થયેલ પરિણામોમાં આ કંપનીના પરિણામો સારા આવ્યા નથી. અને ૩૮ના ભાવથી પાછું ડાઉન ટ્રેડ થઈ ગયું છે. આ સ્ટોકમાં ઉછાળે વેચવાલી જોવા મળી શકે છે. રોકાણકારોએ ૩૨ની નીચે શોર્ટ પોઝીશન બનાવવી. તથા ઉપરમાં ૩૭ નો સ્ટોપલોસ મુકવો જો ૩૦ નીચે બંધ આપે તો વધારે નબળાઈ આ સ્ટોકમાં જોવા મળી શકે છે. અને નીચેમાં ૨૫-૨૨ સુધી જોવા મળી શકે છે.

**રેણુકા સુગર**

**બંધ ભાવ (૭૮.૪૫)** સુગર સેક્ટરની આ કંપનીમાં હમેશા ઘટાડે ખરીદી કરવાની સલાહ આપું છું. કારણ કે તેમાં ઉપર ખરાબ માર્કેટમાં પણ સુગર સ્ટોક પોઝીટીવ મુવ આપતા હોય છે. તેથી ઘટાડે ખરીદી તરફી ધ્યાન આપવું.

આ સ્ટોકમાં ૭૫ના સ્ટોપલોસે ખરીદી કરવી. ઉપર ૮૫-૯૦ સુધી જઈ શકે છે.

**ડીએલએફ બંધ ભાવ (૨૩૨)** ફરી એક વાર રિયલ્ટી સ્ટોક ડીએલએફ જે એક દિગ્ગજ રિયલ્ટી ગણાય છે. આ સ્ટોકમાં પણ ઉપરના મથાળે વેચવાલીનું દબાણ આવતું રહે છે. તેથી ઉછાળે ૨૪૦ ના સ્ટોપલોસે શોર્ટ કરવું. નીચેમાં ૨૨૦ સુધી જઈ શકે અને તેનો બાવન સપ્તાહનો લો ૨૧૪ છે જો તેની નજીક બંધ આપે તો તેમાં લેણ કરવું નહીં. ફક્ત શોર્ટમાં ઉભા રહેવું હિતાવહ રહેશે.



### ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

સતત પાંચ દિવસની તેજી બાદ અંતે શુક્રવારે નિફ્ટી ૧.૬૭ ટકા ઘટીને બંધ આવી. આ એક નોર્મલ પુલબેક માની ન શકાય કારણ કે

(૧) દૈનિક ચાર્ટ પર આઉટ સાઈડ બારની રચના થઈ છે જે બતાવે છે કે તેજીના ટ્રેન્ડને મંદીવાળાઓએ પોતાના હાથમાં લઈ લીધો છે.

(૨) છેલ્લાં પાંચ દિવસ નિફ્ટી જ્યારે વધી ત્યારે વોલ્યુમ સતત ઘટતું જતું હતું અને શુક્રવારે જ્યારે બજાર ઘટ્યું ત્યારે છેલ્લાં પાંચ દિવસનું સૌથી વધુ વોલ્યુમ હતું. એટલે કે મંદીવાળાઓએ વેચાણ કર્યું ઉપરાંત તેજીવાળાઓએ પોતાનું લેણ કાપી નાખ્યું.

(૩) દૈનિક ચાર્ટ પર ફોર્સ ઈન્ડેક્સ નેગેટિવ ઝોનમાં આવી ગયેલ છે એટલે કે નિફ્ટીનો ઘટાડો વોલ્યુમ સાથે થયેલો છે.

કલાકના ચાર્ટ પર પેટર્ન જોઈએ તો તે રાઉન્ડિંગ ટોપની રચના કરેલ છે. અને તેની લંબાઈ ૧૩૦ પોઈન્ટની છે અને તેનો ટાર્ગેટ ૫૩૪૦-૫૩૩૦ આવે. છેલ્લા પાંચ દિવસના બજાર સતત વધ્યું ત્યારે તારીખ ૧૫-૨-૧૧ના રોજ નિફ્ટી ગેપ સાથે ખુલી અને તે ગેપ ભર્યા વગર ટ્રેડ થતી હતી એટલે આવનારા દિવસોમાં તે ગેપ એટલે કે ૫૩૩૦-૫૩૪૦ નો ભાવ જોવા મળશે. જો નિફ્ટી ૫૬૦૦ પાર થાય તો આવનારા દિવસોમાં ૫૭૮૦-૫૭૯૮ના લેવલ આવી શકે. ઓપ્શનમાં કામ કરનારાઓ ખાસ ચેતજો. આવનારા ચાર દિવસોમાં ઓપ્શનની વેલ્યુમાં મોટી ઉથલપાથલ જોવા મળશે.

## નિફ્ટીમાં ૫૩૭૭ નો સુંદર ટેકો અને ૫૭૧૭નું રેસીસ્ટન્સ ધ્યાનમાં રાખો

શરદ કોટક

# તા. ૧૧ માર્ચ કસોટીરૂપ સમય બનશે ?

**સાવધાન :**

અમોએ આ કોલમમાં ડીસે. ૧૦ અને જાન્યુઆરી-૧૧ દરમ્યાન ચેતવ્યા હતા કે સેન્સેક્સ ૧૭૦૦૦ આસપાસ આવવાની શક્યતા નકારી શકાય નહીં. માટે જોખમોથી દૂર રહેજો.

આ લેખ આપના હાથમાં હશે ત્યારે કેન્દ્રિય બજેટ અંગે જોરદાર અફવાઓ ફેલાયેલી હશે. કેન્દ્રિય બજેટમાં વિદેશી મૂડી રોકાણકારોને આકર્ષવાની નીતિ મહત્વની હશે. આવકવેરા મર્યાદા વધારાશે.

**હવે ૧૫,૦૦૦ તરફ ?**

**તા. ૨ માર્ચથી તા. ૧૧ માર્ચ સુધીનો સમયગાળો શેર બજાર માટે કસોટીરૂપ બની રહેવાની સંભાવના ગ્રહો દર્શાવે છે. સેન્સેક્સ પંદર હજારના આંકડાને આંબવા માટેની પીછેહઠ કરશે તેવા ગ્રહયોગો છે. ૧૫૬૦૦ મહત્વની સપાટી બની શકે.**

**તા. ૧૧ માર્ચ સુધીમાં યોગ્ય સમયે નવેસરથી મૂડી રોકાણ અત્યંત ટૂંકાગાળા માટે કરવાની તક મળશે.**

સારી કંપનીના શેરોની યાદી અત્યારથી તૈયાર કરો.

**ટ્રેડીંગ સંભાવના :**

**ઓએનજીસી, પેટ્રોનેટ એલએનજી, એસ્સાર ઓઈલ, હિન્દ**

**એસ્ટ્રો ગાઈડ**



**કીર્તિકુમાર બી.શાહ**

**મો. ૯૪૨૮૧૯૨૬૫૯**

**પેટ્રો, કેઈર્ન, ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, શ્રી અષ્ટ વિનાયક, હેવેલ્સ ઈન્ડિયા, બોમ્બે બર્મા, ગ્લોડાઈન ટેકનો, પટ્ટણી કોમ્પ્યુટર, વોખાર્ટ, વિપ્રો, ગીતાંજલી, રાજેશ એક્સ્પોર્ટ, નિપ્પો, લાર્સન, યુનિટેક, સેજલ ગ્લાસ, રેમન્ડ**

**ફ્યુચર એન્ડ ઓપ્શન :**

**જિન્દાલ સ્ટીલ, ઓરિએન્ટ બેંક, એનટીપીસી, અરબિંદો ફાર્મા, ભેલ, ગેઈલ, ડાબર, અબાન ઓફશોર, ઈન્ડિયા સિમેન્ટ**

**ડાર્ક હોર્સ :**

**ઈન્ડિયન ઓઈલ, ઈન્ફોસિસ, નોઈડા ટોલ, ટીટીકે હેલ્થકેર, મની મેટર્સ, શિરપુર ગોલ્ડ, ટાઈટન, ટાટા સ્ટીલ, જ્યોતિ લેબ.,**

**અત્યંત ટૂંકાગાળાનું રોકાણ :**

**હીરો હોન્ડા, હાથવે કેબલ, મેગ્લોમ કેમી., રેણુકા સુગર, મદ્રાસ સિમેન્ટ, જેટ એરવેઝ, વાલચંદનગર, રિલાયન્સ ઈન્ડ., પ્રાજ ઈન્ડ., નાગાર્જુન ફર્ટિ., ભારત અર્થમુવર્સ, ઈન્ડિયા ઈન્ફોલાઈન**

**લાંબાગાળાનું રોકાણ :**

**એજ્યુકોમ, ગાયત્રી પ્રોજેક્ટ, કેડીલા હેલ્થકેર, એસઆરએફ, અલ્ટ્રાટેક સિમેન્ટ, નેશનલ ફર્ટિ., બજાજ ઓટો, પીએનબી, મધુકોન પ્રોજેક્ટ, આસામ કંપ., કોર્પોરેશન બેંક, વિજયા બેંક, સુનિલ હાઈટેક, યુનાઈટેડ સ્પીરીટ**

**સ્પેશ્યલ રૂખ :**

**શેર બજારની સ્પેશ્યલ રૂખ છ માસનું સભ્યપદ દર મહિને કુરિયર દ્વારા.**

# બજેટ સુધીમાં ૫૨૪૦ અને ૫૬૮૩ની વચ્ચે અથડાતી-કૂટાતી ચાલ વચ્ચે ઈન્ટ્રાડે વ્યાપાર કરવો હિતાવહ રહેશે

**નિફ્ટી ફ્યુચર બંધ : ૫૪૫૩**

૫૨૭૬, ૫૩૩૫, ૫૪૦૧ના ઘટાડે ૫૨૪૦ના ચુસ્ત સ્ટોપલોસથી લેણ કરવું. તથા ઉપરમાં ૫૫૧૨, ૫૫૭૧, ૫૬૩૦ના ઉછાળે ૫૬૮૩ના સ્ટોપલોસથી વેચાણ કરવું. બજેટ સુધી નિફ્ટી ફ્યુચર ૫૨૪૦થી ૫૬૮૩ વચ્ચે

**ગોલ્ડન સ્પોટ**

**મનીષ પટેલ**

latish_patel@yahoo.co.in

અથડાયા- કૂટાયા કરશે. ૫૨૪૦ નીચે અને ૫૬૮૩ ઉપર સતત બે દિવસ બંધ આવતા નિફ્ટી ફ્યુચરની નવી ચાલ શરૂ થશે. બજેટ માથે હોવાથી ઈન્ટ્રાડે વ્યાપાર કરવો હિતાવહ રહેશે.

**બેંક નિફ્ટી ફ્યુચર બંધ : ૧૦૯૨૭**

૧૦૭૭૩, ૧૦૬૨૦ના ઘટાડે ૧૦૪૬૬ના સ્ટોપલોસથી લેણ કરવું. તથા ૧૧૨૩૩, ૧૧૩૮૭ના ઉછાળે ૧૦૫૪૦ના સ્ટોપલોસથી વેચાણ કરવું. ૧૦૪૬૬ નીચે અને ૧૧૫૪૦ ઉપર સતત બે દિવસ બંધ આવતા નવી દિશા નક્કી થશે.

**એક્સીસ બેંક ફ્યુચર બંધ : ૧૨૯૪**

૧૨૩૬, ૧૨૫૫ના ઘટાડે ૧૨૨૨ના સ્ટોપલોસથી લેણ કરવું. તથા ૧૩૩૨, ૧૩૫૧ના ઉછાળે ૧૩૭૧ના સ્ટોપલોસથી વેચાણ કરવું. ૧૨૩૬ નીચે અને ૧૩૫૧ ઉપર સતત બે દિવસ બંધ આવતા નવી દિશા નક્કી થશે.

**ભેલ ફ્યુચર બંધ : ૨૦૬૦**

૨૦૨૨, ૨૦૪૯ના ઘટાડે ૧૯૯૩ના સ્ટોપલોસથી લેણ કરવું. તથા ૨૧૪૦-૨૧૫૬ના ઉછાળે ૨૧૮૩ના સ્ટોપલોસથી વેચાણ કરવું. ૨૦૨૨ નીચે અને ૨૧૫૬ ઉપર સતત બે દિવસ બંધ આવતા નવી દિશા નક્કી થશે.

**આઈસીસીઆઈ ફ્યુચર બંધ : ૧૦૨૭**

૯૮૭, ૧૦૦૮ના ઘટાડે ૯૬૫ના સ્ટોપલોસથી લેણ કરવું. તથા ૧૦૬૬, ૧૦૮૬ના ઉછાળે ૧૧૦૬ના સ્ટોપલોસથી વેચાણ કરવું. ૯૮૮ નીચે અને ૧૦૬૬ ઉપર સતત બે દિવસ બંધ આવતા નવી દિશા નક્કી થશે.

**ઈન્ફોસીસ ફ્યુચર બંધ : ૩૦૯૭**

૩૦૩૬, ૩૦૫૭ના ઘટાડે ૩૦૧૫ના સ્ટોપલોસથી લેણ કરવું. તથા ૩૧૩૮, ૩૧૫૯ના ઉછાળે ૩૧૮૦ના સ્ટોપલોસથી વેચાણ કરવું. ૩૦૩૬ નીચે અને ૩૧૫૯ ઉપર સતત બે દિવસ બંધ આવતા નવી દિશા નક્કી થશે.

**જેએસડબલ્યુ સ્ટીલ ફ્યુચર બંધ : ૮૮૨**

૮૪૨, ૮૬૩ના ઘટાડે ૮૨૨ના સ્ટોપલોસથી લેણ કરવું. તથા ૯૨૪, ૯૪૫ના ઉછાળે ૯૬૬ના

અનુસંધાન પા.નં. ૫ ઉપર

# બજાર પર ટુ-જી સ્કેમનો પડછાયો, હવે કોર્પોરેટ લીડરોને સીબીઆઈના સમન્સ, બજેટ જ બજારનો મુડ નક્કી કરશે

**ફાયદાનો સોદો**



**રાજેશ કોઠારી**

**મો. ૦૯૮૯૨૧૪૫૩૩૫**

૨જી સ્કેમને કારણે ઉભી થયેલી રાજકીય કટોકટીએ પાંચ દિવસથી ચાલતી બજારની વૃધ્ધિને તોડી નાખી. નિફ્ટીમાં નિર્બળતા આણી અને તેની પ્રતિકારક સપાટી ૫૬૦૦ ની સપાટીએ આવી. આવનાર સપ્તાહ બજાર માટે ખૂબ અગત્યનું રહેશે.

ઘટાડે અલ્પમાત્રામાં આઈ ટી સેકટરના શેર ખરીદો. બજેટમાં રિટેઈલ સેકટરમાં એફ ડી આઈ આવશે. પેન્ટાલુન રિટેઈલ અને બ્રાન્ડહાઉસ ઘટાડે ખરીદો

| શેરનું નામ | ભલામણ | હાલનોભાવ | લક્ષાંક-૧ | લક્ષાંક-૨ | સ્ટોપલોસ |
|---|---|---|---|---|---|
| ડીશ ટીવી | ખરીદો | ૫૯ | ૫૬ | ૬૩ | ૬૮ |
| આર બી એન | ખરીદો | ૬૫ | ૬૨ | ૭૨ | ૭૫ |
| રિલાયન્સ | ખરીદો | ૯૩૮ | ૯૩૦ | ૯૫૦ | ૯૬૫ |
| એસ બી આઈ એન | ખરીદો | ૨૭૭૨ | ૨૭૫૦ | ૨૮૦૫ | ૨૮૪૦ |
| જે પી એસોસિએટસ | વેચો | ૮૫ | ૯૦ | ૮૦ | ૭૫ |
| ઓ એન જી સી | વેચો | ૨૬૮ | ૨૭૫ | ૨૫૦ | ૨૪૦ |
| સેઈલ | ખરીદો | ૧૬૦ | ૧૬૫ | ૧૫૫ | ૧૫૦ |
| જે એસ ડબલ્યુ સ્ટીલ | વેચો | ૮૮૨ | ૮૯૦ | ૮૭૦ | ૮૫૦ |
| એચ એલ એલ | ખરીદો | ૨૭૩ | ૨૭૦ | ૨૮૦ | ૨૮૭ |
| આઈ ટી સી | ખરીદો | ૧૫૬ | ૧૫૨ | ૧૬૦ | ૧૬૫ |

# નિફ્ટી બજેટ પહેલાં ૫૪૦૦-૫૪૮૦ આવશે હવે આગામી સપ્તાહમાં નિફ્ટી રેન્જ ૫૩૫૦-૫૫૫૦ સુધીની રહેશે

**નિફ્ટી (૫૪૫૮)**

મિત્રો આપણે વાત થઈ હતી કે બજારમાં ફેબ્રુઆરીના બીજા સપ્તાહ પછી

**DHANWIN-**
**"WINNER'S CHOICE"**



**હિમાશું જાની**

**મો. ૯૭૨૬૮૦૦૬૦૦**

email: dhanwinvestnents@gmail.com

WWW.DHANWIN.COM

તેજી જોવા મળશે અને બજેટ સુધીમાં નિફ્ટી ૫૪૦૦ ૫૪૮૦ આવશે અને બજેટ સુધીમાં નિફ્ટી ૨૦૦ ડીએમએ એટલે કે ૫૬૦૦ કે ૫૬૫૦ સુધી જવા પ્રયત્ન કરશે. પરંતુ મિત્રો આતો બજાર છે ત્યાં અચાનક ઉછાળો અને અચાનક ઘટાડો આવી શકે છે. અને આ સપ્તાહમાં આવું જ થયું. બજાર એક જ સપ્તાહમાં નિફ્ટી ૫૩૧૦થી ૫૬૦૦ સુધી જઈ આવી અને બજારને ખુબ જ સ્ટ્રોંગ રેસીસ્ટન્સ જોવા મળશે. ૫૬૦૦ની આસપાસ હવે આગળ શું બજારમાં આવનાર સપ્તાહમાં કરવું શું તો મિત્રો આવનાર સપ્તાહમાં બજેટનું સપ્તાહ છે. આવા સમયગાળામાં આપણે ધ્યાનથી બજારની ચાલ જોવા માં જ મજા છે. અત્યારે બજારને તમે દૂર ઉભા રહીને જુઓ.

સેક્ટર સ્પેસિફીકની વાત કરીએ તો મિત્રો આપણે વાત થઈ હતી કે બેંકિંગ સ્ટોક્સમાં આકર્ષણ જોવા મળશે એટલે આ બજારની તેજીમાં બેંકિંગ સ્ટોક્સ ખુબ જ મહત્વનો ભાગ ભજવ્યો હતો. મિત્રો આપણે ઈન્ફ્રા સ્ટોક્સ, રિયલ્ટી સ્ટોક્સ અને

**બેંકિંગ, ઓટો સ્ટોક્સમાં આકર્ષણ જોવા મળશે, એડીએજી સ્ટોક્સ, ઈન્ફ્રા સ્ટોક્સ અને રિયલ્ટી સ્ટોક્સ શું ભાવ ચાલે છે એ જોવાની પણ જરુર નથી**

એડીએજી સ્ટોક્સ થી તો હાલ દૂર જ રહેવાનું અને બને ત્યાં સુધી તો આ સેક્ટરના ભાવ શું ચાલે છે એ પણ જોવાની જરુર નથી.

# ટેકનીકલી શોર્ટ કરો

નમસ્કાર મિત્રો,
આવનારા મહિનામાં નીચેના

**પેનિક એન્ડ પ્રોફીટ**



**નિશેષ એમ. જાની**

**મો. ૯૩૭૬૯૮૫૮૨૮૪**

સ્ટોકમાં મોટું કરેક્શન ટેકનીકલ એનાલીસીસ મુજબ આવશે.

**(૧) અનંતરાજ ઈન્ડ.**

અઠવાડીક ચાર્ટ પર રાઉન્ડિંગ ટોપની રચના કરેલ છે. સતત ત્રણ દિવસ અને અઠવાડીક બંધ ૯૬ની નીચે આવતા ટાર્ગેટ ૩૫ છે.

**(૨) ભારત ફોર્જ**

અઠવાડીક ચાર્ટ પર રાઉન્ડિંગ ટોપની રચના કરેલ છે. સતત ત્રણ દિવસ અને અઠવાડીક બંધ ૩૧૩ ની નીચે આવતા ટાર્ગેટ ૨૩૪ છે.

**(૩) ફોનિક્સ મિલ**

અઠવાડીક ચાર્ટ પર હેડ એન્ડ સોલ્ડર્સની રચના કરેલ છે. સતત ત્રણ દિવસ અને અઠવાડીક બંધ ૧૮૫ ની નીચે આવતા ટાર્ગેટ ૧૧૩-૮૭ છે.

**(૪) યુનિટેક**

અઠવાડીક ચાર્ટ પર હેડ એન્ડ સોલ્ડરની રચના કરેલ છે. ટાર્ગેટ ૫નો છે.

બાજ નજરે પા.નં. ૫ નું ચાલુ

૫૯૪થી ૬૧૩.

**(૪) હિંદ ઓઈલ (૧૭૨.૨૫)** :- રૂા.૧૬૨ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૮૫ થી ૨૦૩.

**(૫) યુનિટેક (૩૪.૨૫)** :- રૂા.૩૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૯ થી ૪૫.

**★ હોટ ડિલેવરીબેઇઝ રોકાણ**

**(૧) શ્રી ગણેશ (૫૩૩૧૮૦) (૧૭૩.૦૫)** : નજીકમાં ૧૮૫ કુદાવતા ૨૦૮ થી ૨૨૩.

**(૨) આરઆઈઆઈ એગ્રો. (૫૩૨૧૦૬) (૨૭.૫૫)** : - નજીકમાં જ ૩૦ ઉપર ૩૨ થી ૩૪.

**(૩) આરબીએન (૫૩૩૧૪૨) (૬૪.૭૫)** : - નજીકમાં જ ૭૩ ઉપર ૮૧ થી ૯૩.

**(૪) સુપર સ્પિનિંગ (૫૨૧૧૮૦) (૧૨.૪૮)** : - નજીકમાં જ ૧૭ થી ૨૩.

**(૫) એચઓસીએલ (૫૦૦૪૪૯) (૩૩)** : - નજીકમાં જ ૩૭ થી ૪૩.

**(૬) એચડીઆઈએલ (૫૩૨૮૭૩) (૧૪૭.૬૦)** : - નજીકમાં જ ૧૫૪ થી૧૬૧...રૂા. ૧૪૦સ્ટોપલોસ

**(૭) આલોક (૫૨૧૦૭૦) (૨૨.૪૫)** : - નજીકમાં જ ૨૫ થી ૨૮.

**(૮) કસ્તુરી (૫૩૧૬૮૭) (૧૬.૨૫)** : - નજીકમાં જ ૧૯ થી ૨૩.

**(૯) ઉષર એગ્રો. (૫૩૨૭૬૫) (૬૩.૫૦)** : - નજીકમાં જ ૧૦૦થી ૧૦૮.

**(૧૦) હિંદ કોપર (૫૧૩૫૯૯) (૩૨૪.૪૦)** : - નજીકમાં જ ૩૭૪ થી ૪૦૬.

# ચાંદીમાં તેજીની ચાલ તીવ્ર બની, ઊંચા ભાવ જોઈ ચાંદીમાં વેચવા વાળા ફાવશે નહીં

ગયા સપ્તાહમાં બુલીયન કોમોડીટીઝમાં લેવાલી જારી રહી હતી. જ્યાં આંતરરાષ્ટ્રીય ચાંદીમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો અને ભાવ ૩૨ વર્ષની ઊંચાઈ પર પહોંચી ગયા. ચાંદી છેલ્લા કેટલાક સમયથી સોનાને આઉટ પર્ફોર્મ કરી રહી છે. સોનામાં હાલ પડ્યા ભાવ જોવા મળી રહ્યા છે. જ્યાં ચીનમાં વ્યાજ દરમાં વધારો કરવાથી થોડો ઘટાડો હતો જે ફરીથી નીચેથી ભાવમાં મિડલ ઈસ્ટના ગયો પોલીટીકલી ટેન્શનથી સપોર્ટ જોવા મળ્યો. તેમજ યુરોપમાં પણ વધી રહેલા ફુગાવાથી ભાવમાં સપોર્ટ જોવા મળી રહ્યો છે. તેમજ હાલ ફરી લોકોનું ધ્યાન સોનાની સાથે ચાંદી તરફ જારી રહ્યું છે.

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં નીચેમાં ૮૫.૫૦ ડોલર આસપાસ વેચવાલી જોવા મળે. જ્યાં નીચેમાં ૮૩.૮૦ ડોલરનો સપોર્ટ છે. જ્યાં ઉપરમાં ૮૬.૪૦ ડોલર જોવા મળે. જ્યાં ૮૭.૧૦ ડોલર ક્રોસ કરે તો વધારો આગળ વધે. ભાવ ૮૮.૪૦ ડોલર સુધી જવાની સંભાવના છે. ટૂંકાગાળામાં ખરીદારી તરફી ધ્યાન અપાય. એમસીએક્સમાં ૪૦૧૦ આસપાસ લેવાલી તરફી ધ્યાનમાં ૩૯૬૦ સપોર્ટ થી ઉપરમાં ૪૦૯૦ તેમજ ૪૧૦૦ ની ઉપર જતા ૪૧૪૮ થી ૪૧૯૨ સુધીનુ લેવલ જોવા મળે.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં ધીમો વધારો જોવા મળે. નીચેમાં

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**

**મો. ૯૫૧૦૮૫૦૨૮૮**

૧૩૫૨ ડોલરનો સપોર્ટ છે જ્યાં સુધી તેની ઉપર બંધ આપે ત્યાં સુધી તેજ તરફી રૂખમાં રહેશે. ઉપરમાં ૧૩૯૬થી ૧૪૧૨ ડોલર જોવા મળે જ્યાં ૧૪૩૦ ડોલર નજીક રેસીસ્ટન્સ લેવલ છે. જે તોડે તો ઝડપથી વધારો જોવા મળે. તેમજ ૫૦ ડોલરની વધઘટ જોવા મળે અને ભાવ નવી ઊંચાઈ પર પહોંચતા જોવા મળે. એમસીએક્સ સોનામાં ૨૦૭૧૨ જોવા મળે જ્યાં ૨૦૮૭૦ની પ્રતિકારક સપાટી છે જેની ઉપર બંધ આવે તો ૨૧૦૦૦ના લેવલ સુધી જતા જોવા મળે. નીચેમાં ૨૦૪૩૦ આસપાસ ધ્યાન અપાય જ્યાં નીચેમાં ૨૦૨૫૮નો સપોર્ટ છે. ટૂંકાગાળામાં ઘટાડે લેણ તરફી રુખમાં રહેવું.

**ચાંદીની ચાલ :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ખરીદારીનું જોર છે. ભાવ રોજ નવી ઊંચાઈ પર જોવા મળી રહ્યા છે. ઊંચા ભાવ જોઈને વેચવા વાળા ફાવશે નહીં. ઉપરમાં ૩૨.૮૦ ડોલરથી વધતા ૩૩.૭૦ થી ૩૪.૪૦ ડોલર જોવા મળી શકે. તેમજ વધુ લેવાલી થી ૩૫.૦૫ ડોલરનું લેવલ શક્ય છે. ચાંદીમાં ૧ ડોલરની વધુ ઘટ સામાન્ય છે. નીચેમાં નજીકમાં ૩૨.૧૦ ડોલરનો સપોર્ટ છે તેમજ ૩૦.૩૦ ડોલર પર મહત્વનો સપોર્ટ છે. ચાંદીમાં વધતું બજાર છે. જ્યાં વેચી વેપાર કરાય નહીં. ટ્રેડર ઘટાડે લઈને વધારામાં વેપાર કરી શકે. એમસીએક્સ ચાંદીમાં નીચેમાં ૪૭૭૦૦ થી ૪૭૨૦૦ સુધી માં ભાવમાં ધ્યાન અપાય. ખરીદારી તરફી રુખમાં ૪૬૭૮૦ ના સપોર્ટથી ઉપરમાં ૪૮૫૦૦ થી ૪૯૨૦૦ માટે ધ્યાન બેસે. જો ૪૯૫૦૦ થી ઉપર ટકી જાય તો ૫૦૦૦૦ના સ્તરને પાર કરી જાય અને ૫૦૮૦૦થી ૫૧૫૦૦સુધીનું લેવલ આગામી દિવસોમાં જોવા મળી શકે.

# નીચા મથાળેથી ધીમે ધીમે સુધારો આગળ વધવાની શક્યતા રહેલી છે

છેલ્લા છ સપ્તાહથી બજારમાં નબળાઈની ચાલ આવી રહી હતી. કારણ કે ઉપરના મથાળેથી ફોરેન સંસ્થાની વેચવાલી, પોલિટીકલ રાજકારણમાં કંઈક ખરાબીના સંકેતો, બજારની દ્રષ્ટિએ ભાવમાં વધારે ઊંચા હોવાના કારણે ઉપરના મથાળેથી પ્રેશર આવતું હતું. પરંતુ બજારે ગયા સપ્તાહમાં નીચા મથાળેથી ખરીદીના સંકેતો આપી રહ્યું હતું. વધારે પડતા બજાર ખૂબ જ ઘટી ગયું હોવાથી નીચા મથાળેથી વેલ્યુબાઈંગ અમુક કંપનીઓમાં ખરીદી કરી રહ્યું હોવાથી ઝડપી ઉછાળો આવ્યો છે.

**ચાર્ટ અવલોકન**

**નિફ્ટી ( ૫૪૬૨)** : છેલ્લા છ સપ્તાહ પછી સાપ્તાહિક કલોઝીંગ પોઝીટીવ સંકેત આપ્યા છે.આ એક સારી નિશાની છે. જો આપણે આને પૂલ બેક રેલી ગણી શકાય. સાપ્તાહિક ચાર્ટમાં હાઈલી ઓવરસોલ્ડ હોવાથી આ ઉછાળો આવવો જરુરી છે. આવનાર દિવસોમાં બજેટને આધારે તેજી-મંદીની બંને તરફી ચાલ આવશે. ઉપરના મથાળેથી વેચવાલી આવી શકે છે. જ્યારે સારા કારણોને લીધે બજાર નીચા મથાળેથી સ્ટોક સ્પેસિફીક ઝડપથી મુવમેન્ટ બતાવશે. ટૂંકમાં બજારમાં નીચા મથાળેથી ખરીદી કરવાનું વિચારવું. વેચવાનું ધ્યાન ઉપરના મથાળે જ રાખવું. ખેર, ચાર્ટનું કામ ચાર્ટ દ્વારા થતું જ હોય છે. ચાર્ટ દ્વારા આપણને બંને બાજુ વેપાર કરવાની દિશા મળી રહે છે. નિફ્ટીમાં ઉપરમાં ૫૫૪૬ નજીકની સપાટી રહેશે. દૂરમાં ૫૬૦૪ સુધીની શક્યતા રહેલી છે. નીચામાં ૫૪૩૪-૫૩૯૪ સુધીનું કરેક્શન આવી શકે છે. બજેટ સુધી કરેક્શનમા નીચામાં લઈને વેપાર કરવો.

**ટાટા સ્ટીલ (૬૩૯)** : છેલ્લા પાંચ સપ્તાહથી પછી સાપ્તાહિક ચાર્ટમાં પોઝીટીવ

**ટેકનો વ્યૂ**



**રમેશ વાટલિયા**

**મો. ૯૮૯૮૧૧૫૪૮૮**

www.rameshvatalia.com

સંકેત આપ્યા છે. કારણ કે બજેટમાં સ્ટીલ સેક્ટરમાં થોડી ઘણી રાહતો આપવાની શક્યતાને કારણે આ શેરને સૌથી વધુ ફાયદો થશે. તેવા અનુમાનને કારણે આ શેરમાં નીચા મથાળેથી વેલ્યુબાઈંગ આવી રહ્યું છે. ખેર આવનાર સપ્તાહમાં ઉપરમાં નીચામાં સાપ્તાહિક પિવોટ ૫૧૦ છે. ઉપરમાં ૬૬૦ની સ્ટ્રોંગ પ્રતિકારક સપાટી રહેશે. નીચામાં ૬૨૭ સ્ટ્રોંગ સપાટીનું કામ કરશે. જો કે નીચા મથાળેથી ખરીદી કરવાનું ધ્યાનમાં રાખવું.

**રિલાયન્સ ઈન્ફ્રા. (૬૦૮)** : આ શેરનો મૂળ ચાર્ટ મંદી તરફી થઈ ગયો છે. જેથી આ શેરમાં મંદી તરફી જ ધ્યાન આપવું. આ શેરમાં ઉછાળો ટકવો મુશ્કેલ છે. કંઈ પણ ખરાબીના સંકેત આવશે તો આ શેરને ઝડપથી અસર કરશે તે વાત ચોક્કસ છે. જ્યારે જ્યારે મૂળ ચાર્ટ મંદી તરફી હોય ત્યારે આ શેરમાં ઉછાળો આવે તો મંદી ધ્યાન આવવું. ખેર, આવનાર સપ્તાહમાં ઉપરમાં ૬૩૦ની પ્રતિકારક સપાટી રહેશે. નીચામાં ૫૯૫ અગત્યની સપાટી રહેશે. ઉપરમાં વેચવા તરફી ધ્યાન આપવું.

**સ્ટેટ બેંક (૨૦૭૯)** : આ શેરમાં ખૂબ જ અગત્યનો છે. બજાર વધઘટે આવે તો સૌથી વધુ અસર આ શેરમાં આવે છે. ખેર છેલ્લા બે સપ્તાહથી તેજીમાં માથું ઊંચું કરે છે, સાપ્તાહિક ચાર્ટમાં એક બ્રેકઆઉટ આવ્યું હોવાથી આ શેરે સારા કારણોમાં ઝડપથી સુધારો બતાવશે. દૈનિક ચાર્ટમાં ૨૭૦૫ નો સ્ટ્રોંગ સપોર્ટ બતાવે છે. ઉપરમાં ૨૮૩૦ ની સપાટી વટાવતા ઝડપથી ૨૮૭૦ સુધીને ઝડપથી સુધારો બતાવશે. નીચામાં ૨૬૫૦ સ્ટ્રોંગ સપાટી રહેશે.

**ટાટા મોટર્સ (૧૨૦૧)** : આ શેરમાં સૌથી પ્રથમ તેજીના સંકેત બતાવશે. હમણાં ઓટો સેક્ટરમાં તેજીની લાંબી ચાલ આવી રહી છે. છેલ્લા બે સપ્તાહથી તેજીની ચાલ ચાલી રહી છે.સાપ્તાહિક ચાર્ટ તેજી તરફી હોવાથી નીચા મથાળેથી ખરીદી કરવાનું ધ્યાન આપવું. નીચામાં ૧૧૮૦ની સ્ટ્રોંગ સપાટી રહેશે. ઉપરમાં ૧૨૪૪ વટાવતા ઝડપથી તેજીની લાઈનમાં આગળ વધશે. જેથી નીચા મથાળે ખરીદીનું જ ધ્યાન આપવું.

લાયન્સ રોર પા.નં. ૩ નું ચાલુ

નથી. જોતાં જણાય છે કે દીશાસૂચક સૂચકાંકોએ પણ સેલમોડમાં રહેવાનું ચાલુ જ રાખેલ છે.

ઓઆઈ પી સી આર ૧.૦૫ની સપાટી સુધી વૃધ્ધિ પામેલ છે. ૫૫૦૦ ની સ્ટ્રાઈક સપાટીએ કોલ લખાયેલ છે. ૫૨૦૦ પીઈએ અને ૫૬૦૦ સીઈએ સારી ઓપન ઈન્ટરેસ્ટ પોઝીશન જોવા મળેલ છે. આ સૂચવે છે કે નીચે તરફ ૫૨૦૦ ટેકાની સપાટી તરીકે અને ઉપર તરફ ૫૬૦૦ પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરશે.

સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૬૫૩ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૭૩૩૮ છે.

નિફ્ટી માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૫૮૭ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૫૧૯૧ છે.

આવનાર સપ્તાહે સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૮૧૯-૧૭૩૯૫-૧૬૯૪૩ અને પ્રતિકારક સપાટી ૧૮૫૬૪-૧૮૯૫૪-૧૯૩૪૨ રહેશે.

આવનાર સપ્તાહે નિફ્ટી માટેનો ટેકો ૫૩૪૮-૫૨૧૦-૫૦૭૯ અને પ્રતિકારક સપાટી ૫૫૬૭-૫૬૯૦-૫૮૨૪ રહેશે.

# ફરી એક વાર મંદીમય ઈનગલ્ફીંગ

**તા. ૧૨/૦૨/૨૦૧૧**

**ટૂંકા ગાળાની નિમ્નગતિ ચાલુ થઈ**

એવી અપેક્ષા હતી જ કે આટલા મોટા ઘટાડા પછી બજાર ફરી પાછું વળશે અને છેલ્લા ઘટાડાના ૬૧.૮ ટકા રિટ્રેસમેન્ટ સપાટી એટલે કે ૨૦૦ ડી એમ એ, ૫૫૬૦ થી ૫૬૨૦ની સપાટીએ ઉભી કરાયેલ પ્રતિકારક સપાટીને સ્પર્શ પણ કરશે. એવી અપેક્ષા રાખી શકાય કે આ પ્રતિકારક સપાટીનો ગાળો ઓળંગવો ઋષભો માટે કઠીન છે. નિફ્ટીના દૈનિક ચાર્ટ પણ મંદીમય ઈનગલ્ફીંગ પેટર્નની રચના થયેલ છે અને આપણે એવા પરિણામની ધારણા કરી શકીએ કે પુલબેક જેટલું સારૂં થઈ શકે તેટલું થઈ ગયેલ છે. ફરી એક વાર હવે નિમ્નગતિની શરૂઆત થયેલ છે. એવું જણાય છે કે છેલ્લા ઘટાડા વખતે સેન્સેક્ષ અને નિફ્ટી દ્વારા અનુક્રમે ૧૭૨૯૫ અને ૫૧૭૭ ની




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ રોકાણકારોના હિત માટે સમર્પિત**

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૭૯૪૦ પોઈન્ટથી થઈ, ૧૮૬૯૦ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૭૮૫૭ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૮૨૧૧ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૪૮૩ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૫૪૩૦ પોઈન્ટથી કરી, ૫૫૯૯ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૩૪૦ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૪૫૮ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૧૪૮ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

બંને ઈન્ડેક્ષોએ શુક્રવારે દૈનિક ચાર્ટ પર મંદીમય ઈનગલ્ફીંગ પેટર્નની રચના કરેલ છે, પરિણામે ટૂંકા ગાળાની રૂખ નિમ્નમૂખિ બનેલ છે. સાપ્તાહિક ચાર્ટ પર સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ લાંબા અપરશેડો સાથેની સફેદ બોડીની રચના કરેલ છે જે મોટેભાગે શુટીંગસ્ટાર જેવી જણાય છે. પરંતુ તે શુટીંગ સ્ટાર નથી કારણ કે બોડી વચ્ચે કોઈ ગેપ નથી અને સેન્સેક્ષમાં નાનો લોઅર શેડો પણ છે. લાંબો અપર શેડો ઉંચી સપાટીએ જોવા મળતું વેચવાલીનું દબાણ સુચવે છે.

ભાવની રૂખનું પૃથ્થકરણ

નિફ્ટી ૫૪૭૨ની સપાટીએ અને પરિણામે ટૂંકા ગાળાની રૂખ પણ નિમ્નગતિમાં ચાલુ રહી. મધ્યમગાળાની રુખે નિમ્નગતિ ચાલુ જ રાખી છે અને બજાર ૫૦ ડી એમ એ થી સારું એવું નીચે છે. (સેન્સેક્ષ ૧૯૧૪૮ અને નિફ્ટી ૫૭૩૭).

બંને ઈન્ડેક્ષોએ ફીબોનેસ્સી સપાટીઓના ગુચ્ચથી રચાયેલ પ્રતિકારક સપાટી અને ૨૦૦ડીએમએને પણ સ્પર્શ કર્યો. બજારે આ રેજીસ્ટન્સ ઝોનની નજીક મંદીમય ઈનગલ્ફીંગ પેટર્નની રચના કરી અને આ પ્રતિકારક સપાટીનો ગાળો વટાવવામાં નિષ્ફળતા મેળવી અને ટૂંકાગાળાની ઉર્ધ્વગતિનો અંત આણ્યો. એવું લાગી રહેલ છે કે ઈન્ડેક્ષો ગતસપ્તાહે બનાવેલ તળિયાની સપાટીને ફરી સ્પર્શ કરશે જે સેન્સેક્ષમાં ૧૭૨૯૫ અને નિફ્ટીમાં ૫૧૭૭ ની સપાટીએ છે. મંદીમય બજારમાં, સામાન્ય રીતે તળિયાની સપાટીઓ તૂટેલ છે જ, અને જો આમ થશે તો આપણને નીચેની ટેકાની સપાટીઓ સાંપડશે. તેથી જો આપણે સેન્સેક્ષની મધ્યમ ગાળાની વૃધ્ધિ ૧૩૨૧૯ થી ૨૧૧૦૮ અને નિફ્ટીની મધ્યમ ગાળાની વૃધ્ધિ ૩૯૧૮ થી ૬૩૩૮નો વિચાર કરીએ તો, રિટ્રેસમેન્ટ સપાટી સેન્સેક્ષ માટે ૧૮૦૯૪-૧૭૧૬૩-૧૬૨૩૩ અને નિફ્ટી માટે ૫૪૧૪-૫૧૨૮-૪૮૪૨ આવશે. જો આપણે તેમની સળંગ વૃધ્ધિ એટલે કે સેન્સેક્ષમાં ૭૬૯૭ થી ૨૧૧૦૮ અને નીફ્ટીમાં ૨૨૫૨ થી ૬૩૩૮ નો વિચાર કીરએ તો કરેકશન સપાટી સેન્સેક્ષમાં ૧૫૯૮૫-૧૪૪૦૨-૧૨૮૨૦ અને નિફ્ટીમાં ૪૭૭૭-૪૨૯૫-૩૮૧૩ હોઈ શકે. તેથી આ બાબતમાં અગાઉના સપ્તાહે બનાવેલ નીચી સપાટી તૂટેલ છે તેથી સેન્સેક્ષ ૧૬૨૩૩ થી ૧૫૯૮૫ અને નિફ્ટી ૪૮૪૨ થી ૪૭૭૭ વચ્ચે બનેલ ટેકાની સપાટીના ગુચ્ચને સ્પર્શ કરી શકે.

**સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૬૫૩ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૭૩૩૮ છે.**

### સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5079 | 5210 | 5348 | 5458 | 5567 | 5690 | 5824 |
| Sensex | 16943 | 17395 | 17819 | 18211 | 18564 | 18954 | 19342 |

### ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**ફરી એક વાર બધા જ લક્ષાંક જે રીતે સહેલાઈથી સાધ્ય થયા છે, આ સપ્તાહના સ્ટાર પર્ફોર્મર્સ હતા હિન્દ ઓઈલ એક્ષપ્લોરેશંન જે ૧૦ ટકા વધ્યો અને જીંદાલ સાઉથ વેસ્ટ જે ૧૩ ટકા વધ્યો**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Buy BajajAuto | 1255 | 1319 | 1362 | 125 | Rs.13,375 |
| Buy Sintex | 161 | 169 | 170 | 1000 | Rs.9,000 |
| Buy OBC | 333 | 344 | 354 | 500 | Rs.10,500 |
| Buy HindOil | 167 | 184 | 184 | 1000 | Rs.17,000 |
| Buy JindalSW | 942 | 1017 | 1065 | 125 | Rs.15,375 |
| | | | | Total | Rs.65,250 |

### આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|
| SELL HCLTECH | 457 | 465 | 443 | 427 |
| SELL PFC | 243 | 247 | 235 | 227 |
| SELL PET.LNG | 112 | 115 | 107 | 101 |
| SELL PATNI | 456 | 462 | 442 | 427 |
| SELL DLF | 232 | 237 | 223 | 214 |

**આ બાબતમાં અગાઉના સપ્તાહે બનાવેલ નીચી સપાટી તૂટેલ છે તેથી સેન્સેક્ષ ૧૬૨૩૩ થી ૧૫૯૮૫ અને નિફ્ટી ૪૮૪૨ થી ૪૭૭૭ વચ્ચે બનેલ ટેકાની સપાટીના ગુચ્ચને સ્પર્શ કરી શકે**

સંકેતકો મિશ્રી ચિત્ર ઉભું કરી રહેલ છે. એમ એ સી ડી નકારાત્મક ટેરીટરીમાં હોવા છતાં વેચવાલીના સંકેત સાથે ચાલુ જ છે. આર ઓ સી પણ બાય મોડમાં છે. આર ઓ સીએ ૫૦ ને સ્પર્શ કર્યા પછી ૪૪ સુધી નીચે ઉતરેલ છે અને સેલ મોડમાં ચાલુ જ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટરે પણ ઓવરબોટ ટેરીટરીમાં (%કે ૮૨ ઉપર)સેલ સિગ્નલ આપેલ છે અને % કે દ્વારા % ડી ઉપરથી કપાયેલ છે. મની ફ્લો ઈન્ડેક્ષ ભાવ વૃધ્ધિની લાઈન સાથે સાથે ઉપર તરફ ગતિ કરી સૂચવી રહેલ છે કે નીચેની સપાટીએ થોડો નાણાંપ્રવાહ પ્રવેશેલ છે. ઓબીવીએ તેના 'બાય સિગ્નલ' ચાલુ જ રાખેલ છે. એડીએક્ષએ ૩૦ સુધી ઘટીને સૂચવેલ છે કે નિમ્નગતિએ તેની કેટલીક મજબૂતાઈ ગુમાવી દીધી છે. દીશા સૂચક સૂચકાંકોની એક રસપ્રદ બાબત એ છે કે શુક્રવારે +ડીઆઈએ - ડીઆઈને નીચે તરફથી કાપેલ છે અને ખરીદીના સંકેત આપેલ છે. ગુરુવારે ભાવો ૨૦ ડી એમ એ ઉપર બંધ આવતાં બોલીંગરબેન્ડ કે જે છેલ્લા ચાર સપ્તાહથી 'સેલ મોડ'માં છે, તેમાં સ્ટોપલોસ આવેલ છે. પરંતુ શુક્રવારે ભાવો આ સપાટી નીચે બંધ આવેલ છે. હાલમાં બોલીંગર બેન્ડ કોઈ ખરીદી અથવા તો વેચાણના સંકેત આપી રહેલ (પ્રાઈઝ ટ્રેન્ડ એનાલીસીસ) સૂચવે છે કે જયાં સુધી ભાવો નીચેનો ટોપ અને નીચેની તળીયાની સપાટી રચવાનું ચાલુ રાખશે, મધ્યમ તેમ જ લાંબા ગાળાની રૂખ નિમ્નમૂખી રહેવાનું ચાલુ જ રહેશે. મુવીંગ એવરેજ એનાલીસીસ પણ જણાવે છે કે રુખ બધા જ સમયગાળાની દ્રષ્ટિએ નિમ્નમૂખી રહેશે. હાલમાં બજાર ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૭૭૬ અને નિફ્ટી ૫૬૩૬) નીચે છે અને પરિણામે ટૂંકા ગાળાની રૂખ પણ નિમ્નમૂખિ છે. આ સપ્તાહે ગુરૂવારે અને શુક્રવારે બજારે ૨૦ ડી એમ એને સ્પર્શ કર્યો અને આખરે સપ્તાહિક બંધ પણ ૨૦ ડી એમ એ નીચે આવ્યો એટલે કે સેન્સેક્ષ ૧૮૭૫૯ અને સપાટીએ જે તળિયાની સપાટી બનેલ તે ફરી એક વાર જોવા મી શકે. મંદીમય બજારમાં, મોટે ભાગે તળિયાની સપાટીઓ તૂટતી હોય છે અને જો અહીં આવું બનશે તો જો નિફ્ટીની તળીયાની સપાટી ૫૧૭૭ જળવાઈ રહે અને તૂટી જાય તો શકયતા છે કે નિફ્ટી આગળ ઉપર હવે પછીનો ૪૭૭૭-૪૮૪૨નો ટેકો લે.

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

અનુસંધાન પા.નં. ૨ ઉપર

Sell HCL tech. 457 SL 465 Tgt 443-427



Sell Petronet 112 SL 115 Tgt 107-101



# ટેલિકોમ કૌભાંડ અને એની પૂછપરછના અવરોધને લીધે બે ડગલાં આગળ અને એક ડગલું પાછળ ચાલતી પ્રિ-બજેટ રેલી

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**કીંગફીશર એરલાઈન્સ લી**
**(કે એફ એ )**
**બીએસઈ કોડ ૫૩૨૭૪૭**
**હાલનો ભાવ રૂ.૪૫**

ઉપર જણાવ્યા મુજબ સપ્તાહની શરુઆતમાં શરુ થયેલ પ્રિબજેટ રેલી એવી રીતે આગળ વધી રહી હતી કે એક દિવસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તો બીજા દિવસે ફાર્મા, ત્રીજા દિવસે એજ્યુકેશન અને એરલાઈન્સ એમ રોજ કોઈના કોઈ સેકટરના શેરોમાં ઉછાળો જોવાતો હતો, પરંતુ શુક્રવારના રોજ ફરીથી એક વાર ટુજી સ્પેક્ટ્રમ ટેલીફોનિક કોભાંડના લીધે સીબીઆઈ દ્વારા એક પછી એક દેશના ટોચના ઉદ્યોગપતિની જે પૂછપરછ ચાલી રહી છે તેના પગલે જેમ પહેલી વાર અનિલ અંબાણીના શેરો તૂટયા હતા, તેના પછી ડીબી રિઆલીટીના એમડીના પૂછપરછના પગલે રિઆલીટીના શેરો તૂટયા, ત્યાર પછી એસ્સાર ગ્રુપના પ્રશાંત રૂઈઆનો વારો આવ્યો, આના લીધે ફરીથી એક વાર રોકાણકારોમાં ગભરાટ ફેલાયો અને શુક્રવારના રોજ બજાર ૩૦૦ પોઈન્ટ ઘટીને બંધ આવ્યું, પરંતુ બજાર સાપ્તાહિક ૨૮૦ પોઈન્ટના સાપ્તાહિક વધારા સાથે મુંબઈ શેર બજાર આંક ૧૮૨૩૫ બંધ આવ્યો.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**કીંગફીશર એરલાઈન્સ લી (કે એફ એ ).**
**બીએસઈ કોડ ૫૩૨૭૪૭**
**હાલનો ભાવ રૂ.૪૫**

જાણીતા ઉદ્યોગપતિ વિજય માલિયા દ્વારા પ્રમોટ કરાયેલ એરલાઈન્સના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીએ તાજેતરમાં જ પ્રથમ વાર ત્રિમાસિક નફો જાહેર કરેલ છે અને વાર્ષિક ધોરણે ગયા વર્ષની ૪૫૩ કરોડની ખોટ સામે માત્ર ૨૫૦ કરોડની ખોટ રહી છે, એટલે કે કંપની ખૂબ જ હરણફાળે પ્રગતિ કરી રહી છે, અને ભારતનું ભવિષ્ય જોતાં એરલાઈન્સ ઉદ્યોગનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે, તો હાલના ભાવે આ શેરમાં ડીલીવરીબેઈઝ રોકાણ કરનારને એક બે વર્ષ પછી ચોક્કસ વિદેશયોગ થશે.

**સ્પાઈસ જેટ લી .**

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

### આવતા સપ્તાહમાં બજેટમાં સારા આશાવાદના પગલે એજયુકેશન અને એરલાઈન્સ સેકટરના શેરોમાં આગ ભભૂકતી તેજી

**બીએસઈ કોડ ૫૦૦૨૮૫**
**હાલનો ભાવ રૂ.૪૮**

એર લાઈન્સના વ્યવસાય ક્ષેત્રે સંકળાયેલ આ કંપની સમગ્ર વિશ્વમાં માત્ર એવી એક કંપની છે કે જે છેલ્લા એક વર્ષથી નફો કરી રહી છે. કંપની હાલમાં ઘરેલું ઉડાણ ધરાવે છે આવતા વર્ષમાં ઈન્ટરનેશનલ ઉડાણ પણ ચાલુ કરશે. આ કંપનીમાં પણ હાલના ભાવે રોકાણ કરનારને ૬ થી ૮ માસમાં સારું વળતર મળે તેવી પુરેપુરી શકયતાઓ છે.

**જયુપિટર બાયો સાયન્સ લી.**
**બીએસઈ કોડ ૫૨૪૮૨૬**
**હાલનો ભાવ રૂ.૨૦**

એમિનોએસીડ નામની સફાર્માયુટિકલ પ્રોડકટના ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત આ કંપની છેલ્લા ૨ માસની મંદીમાં કોઈ અફવાના લીધે રૂા.૧૪૦ થી કડડકભૂસ થઈ માત્ર રૂ. ૨૦ થઈ ગયેલ છે. કંપનીનાં ઉત્પાદનો અને તેની નફા શક્તિ જોતાં આ કંપનીમાં હાલના ભાવેરોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવવાના રૂ. ૨૦ છે. તેમ જ ૨ થી ૫ વર્ષના લાંબા ગાળાના રોકાણકાર માટે આ શેર તેમના કૂટુંબીજનો માટે હેલ્થી ટોનિક સાબિત થઈ શકે છે.

**એપટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૦૫**

જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝૂનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપનીએ તાજેતરમાં જ વિશ્વની સૌથી ટોચની કોમ્પ્યુટર કંપની માઈક્રોસોફ્ટ સાથે સંયુક્ત કરાર કર્યા છે, એટલે કે માઈક્રોસોફ્ટના કેટલાક કોર્સીસ એપટેકના કોર્સીસ સાથે જોડી દેવામાં આવશે. તો આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ ૨ થી ૩ વર્ષમાં તમને તમારા કુટુંબના બીલ ગેટસ બનાવી શકે છે.

**પુંજ લોઈડ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**
**હાલનો ભાવ રૂ.૭૨**

૧૦૦ વર્ષ જુના જાણીતા પુંજ ગ્રુપ દ્વારા પ્રમોટ કરાએલ એન્જીનીયરીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની પર સપ્તાહની નીચી સપાટીની આસપાસ ઉપલબ્ધ છે. કામકાજની દ્રષ્ટિએ આ કંપની મીની એલ એન ટી જેવી છે, જેથી આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરી શકાય.

**જે પી એસોસિએટસ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૫૩૨**
**હાલનો ભાવ રૂ.૮૫**

જેપી દ્વારા પ્રમોટ કરાયેલ અનેસીમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીના શેરનો ભાવ પણ હાલ પર સપ્તાહની નીચી સપાટીએ છે. કંપની પાસે કરોડો રૂપિયાની મિલકતો છે. તો આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવવાના રૂ. ૨૦ છે, તેથી હાલના ભાવે રોકાણ કરવું હિતાવહ છે.

**કીંગફીશર એરલાઈન્સના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને બે વર્ષ પછી તમારા કુટુંબને કીંગફીશર એરલાઈન્સમાં પરદેશની મુસાફરી કરાવો**

# આ સપ્તાહે કેપિટલ ગુડસ, બેંકીંગ અને નાણાકીય તેમ જ ટેલીકોમ ક્ષેત્રને સારો જયોતિષિય સહયોગ

**તા. ૨૧ ફેબ્રુઆરી થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૧**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા કન્યા, તુલા અને વૃશ્ચિક રાશીમાં ભ્રમણ કરશે, રાહુ, શુક્ર અને પ્લુટો ધન રાશીમાં, સૂર્ય, બુધ, અને મંગળ કુંભમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુન રાશીમાં, શનિ કન્યા રાશીમાં, ગુરુ અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે. નેપ્ચ્યુન કુંભ રાશીમાં રહેશે. મંગળ પણ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૧ થી કુંભ રાશીમાં પ્રવેષ કરશે.

અમે છેલ્લા ૩ સપ્તાહથી બજારની ભ્રામકતા અને બજારના દેખાવ અંગે ચેતવણી આપતા આવ્યા છીએ

૧૨ ફેબ્રુઆરી ૨૦૧૧ ગ્રહોકીય પરિસ્થિતિમાં ફેરફારના કારણે, બજારનું સેન્ટીમન ઉપર તરફ સુધરશે તેવી આગાહી કરવામાં આવેલ હતી. અમારી આગાહી મુજબ બજારે ત્રણ માસ પછી હકારાત્મક આનંદિત વાતાવરણ બતાવેલ છે અને નિફ્ટીએ પણ ૨.૫ ટકા ઉંચી સપાટી દર્શાવી છે. અમારી બેંકીંગ અને નાણાકીય ક્ષેત્ર વિષેની આગાહી અંગે બેંક નિફ્ટીએ પણ છેલલા ૪ ટ્રેડીંગ સેશનમાં ૧૦૦૦ પોઈન્ટની વૃધ્ધિ દર્શાવી છે.

ગ્રહોકીય પરિસ્થિતિ સૂચવી રહેલ છે કે હજુ પણ ખલેલ જનક સમાચારોનો પ્રવાહ વહેતો જ રહેશે. ગ્રહોકીય ગોઠવણી મુજબ શેર બજાર હકારાત્મક રીતે ગુંજી ઉઠશે

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬ ૦૯૮૧૦૦૧૮૪૩૮**
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

**નીચે જણાવેલ ક્ષેત્ર જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે.**

**કેપિટલ ગુડસ :** સિમેન્સ, આલસ્ટોમ પ્રોજેકટસ, એબીબી, ક્યુમિન્સ અને ભેલ વગેરે

**બેંકીંગ અને નાણાકીય :** આઈસીઆઈસીઆઈ, એલ આઈ સી હાઉસીંગ, એચ ડી એફ સી, એચ ડી એફ સી બેંક વગેરે

**ટેલીકોમ** સેકટર પણ જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે. આ ક્ષેત્રમાં ભારતી અને આઈડીયા દરેક ઘટાડે ખરીદો.

**ગત સપ્તાહની આગાહી :**

આગાહી કર્યા મુજબ બધાંજ સેકટર - બેંકીંગ અને નાણાકીય, ઓઈલ ડ્રીલીંગ અને ઓટોએ ખૂબ સારો દેખાવ કર્યો. સ્ટાર પર્ફોર્મર્સ બેંકીંગ શેર હતા અલ્હાબાદ બેકં, એસબીઆઈ, પીએનબી, આઈ ઓ બી, એક્ષીસ, ડીસીબી, યશ બેંક અને સીટી યુનિયન જે ઉપર તરફ ૧૦ થી ૨૦ ટકા વધ્યા હતા. દિવાન હાઉસીંગ, ગૃહ ફાઈનાન્સ, એલ આઈ સી હાઉસીંગ અને કેનફીન હોમ પણ ૯ થી ૨૦ ટકા વધ્યા હતા. બેંક નિફ્ટી પણ ૪ સેશનમાં ૧૦૦૦ પોઈન્ટ વધેલ હતો.

ઓટોમાં ટાટા મોટર ૧૩ ટકા ઉપર ગયો, ટાઈટન ૬ ટકા જેટલો ઉપર ગયેલ. જયારે ઓઈલ ડ્રીલીંગમાં અબાન, ડોલ્ફીન, ગુજરાત ગેસ અને સેલન એક્ષપ્લોરેશન પણ ખૂબ સારો દખોવ કરનાર હતા.

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

## ન્યૂઝ ટ્રેક

### મુખ્યમંત્રીએ હાલરડાંની સીડીનું કરેલું વિમોચન



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સુશ્રી લાલિત્ય મુન્શીના મ્યુઝીક આલ્બમ હાલરડાંનું આજે અમદાવાદમાં લોકાર્પણ કરતા જણાવ્યું હતું કે હાલરડું સંગીતના પ્રકાર કરતા પણ સંસ્કારનો મહિમા ધરાવે છે. આ લુપ્ત થઈ રહેલી હાલરડાં જેવી સંસ્કાર સંક્રમણની પેઢીઓ સુધી પ્રક્રિયા વિસ્તરે તે માટે સમાજ જાગૃત થાય તેવો અનુરોધ મુખ્ય મંત્રીએ કર્યો હતો.

### મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન સામે કરેલો દાવો

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન મનમોહનસિંહના મીડીયા વાર્તાલાપમાં ગુજરાતને સંડોવણીની જે વાત કરી તે હાસ્યાસ્પદ ગણાવી છે. પોતાને બચાવવા માટે તેમણે ગુજરાતને સંડોવવાની જે કોશિશ કરી છે તે હાસ્યાસ્પદ છે.

મુખ્ય મંત્રી જીએસટીની બાબતમાં વડાપ્રધાનના મંતવ્યને પડકારતા જણાવ્યું હતું કે ડો. મનમોહનસિંહ તેમની મજબૂરીની વાત જાહેરમાં સ્વીકારે છે ત્યારે ગુજરાત સરકારે કોઈ મંત્રીને દોષિત ગણવાને બદલે દેશની જનતા સમક્ષ સાચી હકીકત મુકવી જોઈએ. મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, જયાં સુધી દેશમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીનું પુરુ નેટવર્ક નહીં ગોઠવાય ત્યાં સુધી જીએસટી સફળ થઈ શકશે નહીં.

### ખાડીયા વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપના ભૂષણ ભટ્ટનો વિજય

ખાડીયા વિધાન સભાની બેઠક ગઈ તા. ૧૪ ફેબ્રુઆરીના રોજ યોજાયેલી ચૂંટણીના પરિણામમાં ભાજપના ઉમેદવાર ભૂષણ અશોકભાઈ ભટ્ટ ૨૪૭૩ મતથી વિજય બન્યા છે. આમ ખાડીયાની બેઠક પર ભાજપનો સતત ૯ મી વાર વિજય થયો છે. ખાડીયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની મતગણતરીમાં ભાજપના ઉમેદવાર ભૂષણ ભટ્ટને કુલ ૧૯૫૦૧ મત મળ્યા હતા. જયારે તેમના હરીફ કોંગ્રેસના ઉમેદવાર જગત શુક્લને ૧૭૦૨૮ મત મળ્યા હતા. ભૂષણ ભટ્ટને કુલ ૨૪૭૩ મતે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

**સોનાની ખાણ પૂરવાર થાય તેવી સલાહ માટે વાંચતા રહો : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

તંત્રીની કલમે....

## સરકાર સાચવવા ગઠબંધનની મજબૂરી કેટલા અંશે વાજબી ???

## વડાપ્રધાન પણ તકવાદી અને મતવાદી ??? જો વડાપ્રધાન જ પોતાની જવાબદારી પ્રત્યે હાથ ઉંચા કરે તો જનતાએ શું કરવું ???

**મિત્રો,**

હાલમાં પ્રજાની ચર્ચાનો વિષય બદલાયો છે, અત્યાર સુધી ચર્ચાઓ ચાલતી હતી રજી, કોમનવેલ્થ, આદર્શ, એસ બેન્ડ, ઈસરો જેવા એક પછી એક આવતા કૌભાંડોની, પરંતુ હવે તેને થોડો વિરામ મળશે. હવે વિષય બદલાશે, હવે ચર્ચાઓ ચાલશે તા. ૧૭ ના રોજ બાંગલાદેશના પાટનગર ઢાકામાં નવનિર્મિત બંગલબંધુ નેશનલ સ્ટેડિયમમાં રંગારંગ, ભવ્ય અને રોમાંચક સમારંભ સાથે તેમ જ બાંગલા દેશના રાષ્ટ્રગીત 'આમાર સોનાર બાંગલા' ગાઈને શરુ થયેલ વિશ્વકપ ૨૦૧૧ની. હવે ચર્ચા ચાલશે કોણ વર્લ્ડ કપ જીતશે તેની, વ્યાપારી પેઢીઓ દ્વારા શરૂ થઈ છે જાહેરાતો, ભારત વર્લ્ડ કપ જીતશે તો ગ્રાહકને શું ફાયદો થશે તેની, અને સટોડીયાઓ એન કેન પ્રકારે મોટા દાવ લગાવશે આ રમતો પર, પ્રજા પણ ટીવી સામે બેસી આ વર્લ્ડકપમય બની જશે. ટૂંકમાં ભારતની પ્રજા ક્રીકેટમય બની જશે અને થોડા સમય માટે ભૂલી જશે તેમની મુશ્કેલીઓને, આ કૌભાંડોને.

ખરેખર તો રાજકારણીઓના કૌભાંડો માટે જો કોઈ વર્લ્ડકપ હોત તો તે ચાલુ વર્ષમાં તો ભારતને જ મળી ગયો હોત, રાજકારણીઓના બેશરમી ભર્યા આ ભ્રષ્ટાચારે દેશની જનતાને તો નિરાશ કરી જ છે પરંતુ સાથે સાથે વિદેશોમાં પણ ભારતની છબી પર ધૂળ લગાડી છે.

હમણાં જ એટલે કે દિલ્હીમાં તા. ૧૬ ના રોજ ૭ રેસકોર્સ ખાતે દેશભરની ન્યુઝ ચેનલોના સંપાદકો સાથે યોજાયેલ પત્રકાર પરિષદમાં, એક વાત સાબિત થઈ ગઈ કે સ્વચ્છ ઈમેજ ધરાવતા ભારતના વડાપ્રધાન મનમોહનસિંહને પણ સત્તા જોઈએ છે, કોઈ પણ ભોગે, સત્તા ટકાવવા માટે તેઓ આંખ આડા કાન કરવા પણ તૈયાર છે. જવાબદારી નિભાવવી નથી અને કોઈ પણ ભોગે બેશરમ થઈ જવાબદારી પ્રત્યે હાથ ઉંચા કરવા પણ તૈયાર છે અને છતાં પ્રામાણિકતાનો અંચળો તો પહેરી જ રાખવો છે.

મિત્રો, આ ન્યુઝ ચેનલના સંપાદકોની યોજાયેલ પત્રકાર પરિષદમાં શ્રી મનમોહનસિંહ પર સવાલોનો વરસાદ થયો અને એક કલાક સુધી સવાલ જવાબ થયા હતા જેમાં મનમોહનસિંહે સ્પષ્ટ જણાવેલ કે ગઠબંધન ચલાવવા માટે બાંધછોડ કરવી પડી છે, કેટલાંક સમાધાનો કરવાં પડયાં છે, ગેરરીતીઓ થઈ તેનું મને ભારે દુઃખ છે, હવે કૌભાંડીઓ સામે કાર્યવાહી થશે, મેં કોઈ ભૂલ નથી કરી, ચિતરવામાં આવે છે તેટલો મોટો અપરાધી હું નથી (એટલે અપરાધી તો છું જ તેમ તેઓ આ વાક્યથી જ સ્વીકારે છે) અને હું રાજીનામું આપવાનું વિચારતો નથી. ઉપરાંત જણાવ્યું કે યુપીએનું ગઠબંધન મજબૂત છે અને તેનાં તમામ દળો યુપીએ પ્રત્યે પ્રતિબધ્ધ છે.

જયારે કોભાંડો થતાં હતાં ત્યારે શ્રી મનમોહનસિંગ મૂક રહ્યા, શ્રીમતી સોનિયાગાંધીની બહેનોને ૩૦-૩૦ ટકા ભાગ મળ્યો તે તેમને ખબર ન હતી ? શ્રી રાજા દ્વારા કૌભાંડ થઈ રહેલ છે તે તેમને ખબર ન હતી ? કોમનવેલ્થમાં શું રંધાઈ રહેલ છે તેની તેમને ખબર ન હતી ? જો સત્તાના સુત્રો તમારા હાથમાં હતા, તમે જ સર્વોચ્ચ સત્તા પર બિરાજમાન હતા , સરકાર તમારી હતી અને તમારા હાથ નીચેના પ્રધાનો તમારા સહયોગી હતા, તેઓ તમને રાજય ચલાવવા માટે મદદ કરવા માટે હતા, તો પછી તેઓ શું કરે છે તે તમારી નજર બહાર જાય કેવી રીતે ? અને જો તમારી નજર બહાર તે ન હતું તો અત્યાર સુધી માત્ર ગઠબંધન ચલાવવા તમે જે થાય તે તમાશો જોયો !? સોનિયાગાંધીની બહેનો સુધી પૈસા ગયા તે જોયા અને છતાં તમે ચૂપ રહ્યા, અને હવે જનતાને હું દીલગીર છું કહેવાથી શું દેશને જે નુકશાન થયેલ છે તેનું વળતર મળી જવાનું છે ? અપરાધી પોતાની ભૂલ કબૂલ કરે એટલે તેને માફ કરી શકાય ? દેશનો કાયદો આ છૂટ આપે છે ? તેઓશ્રીએ પોતે જ જણાવેલ છે કે રાજાનો પ્રધાન મંડળમાં પ્રવેશ તેમની ઈચ્છા વિરૂધ્ધ હતો, તો પછી શા માટે તમે સખ્ત વિરોધ ના કર્યો, શા માટે તમે એમ ન જણાવ્યું કે જો રાજાને લેવાના હોય તો અમારે આ ખુરશી પર નથી રહેવું, જયારે ન્યુકલીયર ડીલની વાત હતી ત્યારે ખુરશી છોડવા તૈયાર થયા હતા, તેને પ્રેસ્ટીજ ઈસ્યુ બનાવ્યો હતો, હવે શું થયું, આ પ્રેસ્ટીજ કયાં ગઈ, આ વખતે તો દરેક દબાણને વશ થયા તે જ દર્શાવે છે કે તેઓએ તેમની ફરજ અદા કરી નથી, અને હજુ પણ બેશરમ થઈ જણાવે છે કે હું રાજીનામું આપવાનો નથી, હવે ગાડી પાટા પર ચલાવીશ. જયારે ગાડી પાટા ઉપરથી ઉતરતી હતી ત્યારે મૌન રહ્યા, તેને અમે તો મજબૂરીથી પણ આપેલ મૌન સંમતિ ગણીએ છીએ, હવે 'જબ ચિડિયા ચૂગ ગઈ ખેત' પછી આ બધો બળાપો કાઢવાનો અર્થ શું છે ? ખરેખરતો આ સપાટી પર આવેલ બધા જ કૌભાંડો મિડિયાએ ખોદી કાઢેલા છે અને શરૂઆતમાં તો વડાપ્રધાન સહિત બધાએ તેના ઢાંકપીછોડો કરવાનો જ પ્રયત્ન કર્યો, નકારી પણ કાઢયા, પરંતુ જયારે વિગતો સપાટી પર આવી ત્યારે ન છૂટકે કૌભાંડો સ્વીકારવા પડયા અને હજુ પણ જોઈન્ટ પાર્લમેન્ટરી કમીટી આ કૌભોડોની તપાસ ન કરે તે માટે બનતા બધા જ પ્રયત્નો પણ કર્યા, અને હવે જયારે બધુ સાબિત થાય છે ત્યારે ના છૂટકે કાયદાકીય પગલાં લેવાનો વારો આવ્યો તેનું શ્રેય વડાપ્રધાનને નહીં, ચોથી જાગીર એવી મિડિયાને જાય છે. અને હવે જયારે પાપ છાપરે પોકારે છે ત્યારે નાછૂટકે વડાપ્રધાનશ્રી દીલગીરી વ્યક્ત કરીને પ્રમાણિકતા દર્શાવવા માટે મિથ્યા પ્રયત્ન કરી રહેલ છે.

ગુજરાતમાં સોહરાબુદ્દીન એનકાઉન્ટરમાં આઈપીએસ ઓફીસરો પકડાયા અને ગૃહમંત્રી શ્રી અમિત શાહ પકડાયા ત્યારે કોંગ્રેસે શ્રી મોદીએ પણ રાજીનામું આપવું જોઈએ તેવી કીકીયારીઓ કરી મૂકી હતી, સોહરાબુદ્દીન તો અસામાજિક તત્વ હતો તે હવે સાબિત થયેલી હકીકત છે, તે માટે આટલો ઉહાપો કર્યો, અને દેશને લાખો કરોડ રૂપિયાનો ચૂનો લગાડયો ત્યારે તેમણે રાજીનામું નહીં આપું કઈ પોતાની કઈ નિતિમત્તા દર્શાવી ?

હકીકતમાં વડાપ્રધાને આ લોકો સાથે મેળાપીપણામાં રહી આમ કરવા દીધેલ છે તેવા કઠોર શબ્દો ન વાપરીએ તો પણ આંખ આડા કાન જરૂર કરેલ છે અને તે પણ દેશની પ્રજા ભોગે, દેશની આબરુના ભોગે સત્તા ટકાવવા માટે, આ પ્રજાનો ઘાત છે ? આજે જયારે પ્રજા મોંઘવારીને કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહી છે ત્યારે શ્રી મનમોહનસિંહનું આ કબૂલાતનામું તેમની લાચારી જ નહીં, સત્તાલાલસા અને અનઆવડત પર પ્રકાશ પાડે છે, સોરી કહેવાથી ભૂલો માફ ન થાય, જનતા બધું જ જાણે છે અને આગામી ચૂટણીઓમાં જયારે ભારતની પ્રજા હાથ ઉપર કરશે ત્યારે તેઓ આજે જે સરકાર બચાવવા જનતાનો દ્રોહ કરી રહેલ છે તેની સજા પ્રજા તેમને આપશે.

**જય હો,** **સર્વેત્રઃ સુખિનઃ સન્તુ,**

**નરેન્દ્ર જોષી, એડીટર**

# બજારમાં ટૂંકાગાળાની ચાલનો સંપૂર્ણ આધાર આંતરિક પરિબળો ઉપર

વાંચક મિત્રો,

વૈશ્વિક બજારોના મજબૂત સંકેતો, નજીકમાં આવતા આંતરિક પરિબળો પહેલાંની પ્રિ - બજેટ રેલી અને એફઆઈઆઈની લેવાલી થકી ગત સપ્તાહે બજારમાં પ્રિ બજેટ રેલીનો ચમકારો જોવા મળ્યો હતો. જ્યાં સેન્સેક્સ ૧૮૦૦૦ ની મનોવૈજ્ઞાનિક સપાટી સરળતાથી પાર કરેલ. ગત સપ્તાહના અંકમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે સેન્સેક્સમાં એક મુખ્ય અવરોધ એટલે કે ૧૮૦૫૭ પાર કરતા મંદીમાં ઊભું રહેવું નહીં અને તે મુજબ સેન્સેક્સ ૧૮૦૫૭ પાર કરી ૬૨૫ પોઈન્ટનો ઉછાળો બતાવેલ. ગત સપ્તાહે આપેલ હેડલાઈન વડે લાંબાગાળાના રોકાણકારોએ રોકાણ કરવાની શરુઆત કરેલ અને જેઓએ ટૂંકાગાળામાં જ સારું રિટર્ન મેળવેલ જે અમોને વાંચકમિત્રોના સંપર્કથી જાણવા મળેલ.

**રોકિંગ ટીપ્સ મેકર્સ**



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

સેન્સેકસ સપ્તાહના અંતે ચાર્ટ ઉપર સાયમેટ્રિકલ ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે સેન્સેક્સમાં એક મુખ્ય સપોર્ટ ઉપર ટકી રહેતા તેજીની ચાલના સંકેતો આપે છે જયારે મુખ્ય સપોર્ટ તોડી તેની અંદર બંધ આપતા ઉછાળે વેચવાલીના સંકેતો આપે છે. આગામી સપ્તાહે ફેબ્રુઆરી સિરીઝની એક્સપાયરી હોવાથી વોલેટાલિટી સાથે સપ્તાહની શરુઆત થઈ શકે છે.

**નિફ્ટી ટેકનીકલ્સ (૫૪૫૮.૯૫) :**

માસિક ચાર્ટ ઉપર નિફ્ટી રિક્ટેંગલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે નિફ્ટીમાં એક મુખ્ય અવરોધ ઉપર બંધ આપતા વધુ ૨૧૮ પોઈન્ટનો ઉછાળો માર્ચ સિરીઝમાં બતાવે તેવા સૂચનો કરે છે. જયારે મુખ્ય સપોર્ટ તોડતાં ઉછાળે વેચવાલીના સંકેતો આપે છે. ગત સપ્તાહે જણાવેલ કે નિફ્ટીમાં એક મુખ્ય અવરોધ એટલે કે ૫૩૭૫ ઉપર બંધ આપતા મંદીમાં ઊભું રહેવું નહીં અને તે મુજબ જ નિફ્ટીમાં ૫૩૭૫ પાર કરી ૫૬૦૦ સુધીના ઉછાળા સાથે ૨૨૫ પોઈન્ટની કમાણી કરાવી આપેલ. સાપ્તાહિક ચાર્ટ ઉપર નિફ્ટી સાયમેટ્રિકલ ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે નિફ્ટીમાં એક નિશ્ચિત સપોર્ટથી તેજી તરફી રુખના સંકેતો આપે છે જયારે સપોર્ટની અંદર બંધ આપતા ફરીથી જૂના મંદીના લેવલો બતાવવાના નિર્દેશો આપે છે. રોકાણકારોએ આગામી સમયગાળામાં ખૂબ જ સાવચેતી સાથે આંતરિક પરિબળોને ધ્યાનમાં લઈ રોકાણનો વ્યૂહ અપનાવવો હિતાવહ છે.

**લાંબાગાળાના રોકાણકારો માટે**

**નિલકમલ (બીએસઈ કોડ ૫૨૩૩૮૫) (૨૮૫.૧૫) :**

મુંબઈ (મહારાષ્ટ્ર) સ્થિત કંપનીની સ્થાપના વ્રજલાલ પારેખ ફેમિલી દ્વારા કરવામાં આવી હતી. મટેરિયલ્સ હેન્ડીગ, ક્રેટ્સ, કન્ટેનર, બીન્સ અને મોડ્યુલ ફર્નીચર્સ જેમાં ખુરશી, મેજ, અને કેબીનેટનો સમાવેશ થાય છે તેનું કંપની ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપની કસ્ટમ મોડ્યુલિંગ, મુખ્યત્વે ઓઈએમ સપ્લાયર્સ ગ્રાહકો, મેગા હોમ રિટેલર ચેઈન અને હોસ્પિટાલિટી સર્વિસ પ્રોડકટસના વ્યવસાય સાથે સંકળાયેલ છે. વાર્ષિક ૫૦૦ કરોડથી વધુનું ટર્નઓવર દર્શાવતી ભારતની નંબર વન બ્રાન્ડેડ કંપનીની પ્રોડક્ટસ દરેક જગ્યાએ જોવા મળી શકે છે.

કંપની દેશમાં ૭ મોટા પ્લાન્ટ ધરાવે છે. જેમાં શામ્બા (જમ્મુ કાશ્મીર), ગ્રેટર નોઈડા (ઉત્તર પ્રદેશ), બાજરા (વેસ્ટ બેંગાલ), સિન્હારા નાશિક (મહારાષ્ટ્ર) અને સીલ્વાશા જયારે દાદરા નગર હવેલીમાં બે પ્લાન્ટ અને પોંડીચેરીમાં આ પ્લાન્ટ આવેલ છે. શ્રી વામનરાવ પારેખની કંપનીની ચેરમેન જયારે શરદ પારેખ, કંપનીના એમડી. છે. હોસ્પિટાલિટી બિઝનેસના ઉપયોગમાં આવતી ચીજવસ્તુઓ જેવી કે ઈન્જેક્શન મોલ્ડીંગ, રોટેશન મોલ્ડીંગ, વેક્યુમ ફોર્મેટિંગ, પોલીથીન ઈન્જેક્શન અને બ્લો મોલ્ડીંગનું ઉત્પાદન વિશિષ્ટ મશીનરી દ્વારા કરવામાં આવે છે. અમારા નિયમિત વાંચકમિત્રોને ધ્યાનમાં હશે કે અમોએ આ શેર લેવાની ભલામણ રૂા. ૨૩૦ આસપાસ કરેલ જે વાર્ષિક દ્રષ્ટિએ રૂા. ૪૪૧ ના ઉછાળા સાથે ૯૧ ટકા જેટલું બમ્પર વળતર આપેલ છે.

શેરની વર્તમાન બુકવેલ્યુ રૂા. ૨૦૮.૫૩ છે જયારે ફેસવેલ્યુ રૂા. ૧૦ છે. શેરનો વર્તમાન પીઈ રેશિયો ૯.૨૯ ટકા છે જે ઈન્ડસ્ટ્રીયલ પીઈ રેશિયો ૧૧.૬૬ ટકાથી નીચે છે. ચાલુ સમયગાળા માટે કંપનીએ ૩૨.૦૬ ટકાના દરે ઈપીએસ દર્શાવેલ છે. જયારે કંપની દર વર્ષે ૫૦ ટકા ઉપર ડિવિડન્ડ આપે છે. કંપનીના ત્રિમાસિક ગાળાના પરિણામો મધ્યમ જયારે વાર્ષિક ગાળાના પરિણામોમાં માર્ચ ૨૦૧૦માં કંપનીએ રૂા. ૧૦૩૧.૯૫ કરોડના વેચાણો ઉપર ૪૭.૨૪ કરોડનો નેટ નફો અને ૧૨૧.૮૯ કરોડ ઓપરેટિંગ નફો દર્શાવેલ છે. જે માર્ચ ૨૦૦૯માં ૮૯૦.૭૪ કરોડના વેચાણો ઉપર ૬.૧૦ કરોડ નેટ નફો અને ૮૭.૭૧ કરોડ ઓપરેટિંગ નફો બતાવેલ.

**ટેકનીકલી (નિલકમલ) :**

સપ્તાહના અંતે અને માસિક ચાર્ટ ઉપર શેર રાઈઝિંગ વિડ્થ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં મધ્યમગાળા માટે નજીકના મુખ્ય ટેકાથી તેજીના સંકેત આપે છે. સાપ્તાહિક ચાર્ટ ઉપર શેર રિકટેંગલ ટ્રાયેંગલ ઈન અપ ટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં મુખ્ય અવરોધ પાર કરતા તેજીના સંકેતો આપે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર બુલ ફલેગ ઈન અપ ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં આકસ્મિક તેજી મુખ્ય અવરોધ પાર કરતા બતાવવાના સૂચનો કરે છે. ટેકનીકલી લેવલ તપાસતા સ્ટોકમાં વાર્ષિક ચાર્ટ ઉપર એક મુખ્ય અવરોધ પાર કરતા ૨૫ ટકાથી વધુનો ઉછાળો બતાવવાના નિર્દેશો કરે છે. લાંબાગાળાના રોકાણકારોએ ઘટાડે મર્યાદિત માત્રામાં રોકાણ કરવું.

# નિફ્ટીનો ટેકો ૫૩૫૦, પ્રતિકારક સપાટી ૫૫૭૦

**ટેકનીકલ ટ્રેન્ડ**



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
**WEBSITE : www.stockacademy.co.in**

**૧૮ ફેબ્રુઆરી ૨૦૧૧ શુક્રવાર**

નિફ્ટીનો ટેકો ૫૩૫૦ અને પ્રતિકારક સપાટી ૫૫૭૦ છે. સાપ્તાહિક ચાર્ટ મુજબ બજાર નબળું જણાય છે. ટ્રેડર્સ ૫૫૮૦નો સ્ટોપલોસ રાખીને શોર્ટસેલીંગ કરી શકે છે. જો સપ્તાહના કોઈ પણ દિવસે નિફ્ટી ૫૪૨૦ નીચે બંધ આપે તો તે નવી નીચી સપાટી ૫૧૦૦ દર્શાવી શકે.

## ડીલીવરી બેઈજ ખરીદવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| BRFL | 235 | 225 | 270 |
| CORPROTEC | 290 | 275 | 330 |
| FORTIS | 144 | 138 | 165 |
| JINDAL SAW | 204 | 195 | 230 |
| NALCO | 400 | 390 | 430 |
| POLARIS | 180 | 170 | 200 |
| TV18 | 76 | 73 | 90 |

## શોર્ટ સેલીંગ કરવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| ABAN | 585 | 590 | 550 |
| ACC | 990 | 1000 | 950 |
| BAJAJHLDG | 755 | 765 | 700 |
| BGRENERGY | 520 | 530 | 480 |
| BIOCON | 340 | 345 | 300 |
| CENTRALBK | 158 | 162 | 145 |
| GODREJIND | 170 | 175 | 160 |

# બજારોમાં નીચા મથાળે વેલ્યુબાઈંગ થયું

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૮૨૧૧.૫૨) અને નિફ્ટી (૫૪૫૮.૯૫) બંન્ને ૨.૦૭ ટકા અને ૨.૦૮ ટકા વધીને બંધ આવ્યા હતા.

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

નિફ્ટી ફયુચર ફેબ્રુઆરી ૮.૦૫ પોઈન્ટના પ્રિમિયમ માં હતો. નિફ્ટી ફેબ્રુઆરી ૫૫૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૭૮૦૦ **તથા રેજીસ્ટન્સ** ૧૮૬૫૦જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૩૩૦ અને **રેજીસ્ટન્સ** ૫૫૯૦ નો છે.

આવનાર સપ્તાહે ૨૫ ફેબ્રુઆરીના રોજ રેલ્વે બજેટ રજૂ થશે અને યુનિયન બજેટ ૨૮ ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવશે.

એસબીઆઈ અને આઈસીઆઈસીઆઈ બેંક ના ઓપન ઈન્ટરેસ્ટમાં ફેબ્રુઆરી સિરીઝમાં રસ જોવાયો હતો. ટાટા મોટર્સ ના ફેબ્રુઆરી ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૨૫૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. એસબીઆઈ નાં કોલ ઓપ્શનમાં ફેબ્રુઆરી માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૨૮૦૦ પણ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. સિપ્લા (૩૦૭.૩૦)** લોટ સાઈઝ ૧૦૦૦ શેર

● ફેબ્રુઆરી માસના સ્ટ્રાઈક ભાવ ૩૦૦ થી ૯.૦૫ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

● ફેબ્રુઆરી માસના ૩૨૦.૦૦ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૧.૩૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૯.૦૫ ★ ૧૦૦૦ = ૯૦૫૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૧.૩૦ ★ ૧૦૦૦ = ૧૩૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૯૦૫૦.૦૦ - ૧૩૦૦.૦૦ = ૭૭૫૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૩૨૦ - ૩૦૦ = ૨૦ ★ ૧૦૦૦ = ૨૦૦૦૦ - ૭૭૫૦.૦૦ = ૧૨૨૫૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૭૭૫૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૩૦૭.૭૫

**૨. ભેલ (૨૦૯૯) :** ફેબ્રુઆરી માસ ફયુચર લોટ સાઈઝ ૧૨૫ શેર

● રૂ. ૨૦૯૯ ના ભાવથી ફેબ્રુઆરી માસ ફયુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન** : ફેબ્રુઆરી માસ સ્ટ્રાઈક ભાવ ૨૧૫૦ થી રૂ.૧૨.૦૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૧૨.૦૦ ★૧૨૫ = ૧૫૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૨૧૫૦ - ૨૦૯૯ = ૫૧ ★ ૧૨૫ = ૬૩૭૫.૦૦ + ૧૫૦૦.૦૦ = ૭૮૭૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. જીંદાલ સ્ટીલ** (૬૮૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. ટાટા કેમ.** (૩૨૯) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# કોમોડિટીઝ માર્કેટોમાં નીચા મથાળે ખરીદી કરવાનો આગ્રહ રાખવો

કોમોડીટીઝ માર્કેટોમાં દિવસે દિવસે સેક્ટરવાર આવી તેજી મંદીની ચાલ ચાલે છે. જેથી સામાન્ય વ્યક્તિઓને અને ચાલ ને ઓળખવી ભારે પડે છે. જયારે કોમોડીટીઝ માર્કેટોમાં મેટલ બેઝ હોવાથી વર્લ્ડ માર્કેટોમાં ઉપર મહત્ત્વ આપવામાં આવે છે. જયારે વર્લ્ડ માર્કેટોની વાત આવે ત્યારે ચાર્ટનું મહત્ત્વ આવતું હોય છે. ચાર્ટનું મહત્ત્વ આવે ત્યાં વેપારની દિશા સામી જ હોય છે. મોટાભાગની વ્યક્તિઓને ચાર્ટનું જ્ઞાન ન હોવાને કારણે આ બજારમાં મોટું નુકસાન કરતા હોય છે. ખેર.

કોમોડીટીઝ માર્કેટોમાં રોકાણ કરવું

**સોનાની ચમક**

**જીજ્ઞેશ**
**૯૭૨૪૫૨૮૮૯૮**

વધારે ફાયદાકારક છે. પરંતુ ધ્યાન અગત્યનું હોય છે. પોઝીશનલ ટ્રેડ ખુબ જ અગત્યના હોય છે. આ વધું વ્યક્તિગત ઉપર ધ્યાન આપવાનું હોય છે. ખેર.

**કોપર :** કોપરમાં છેલ્લા બે સપ્તાહની નબળાઈની ચાલ બતાવી રહી છે. ચાર્ટમાં વધારે પડતી લેણની સ્થિતિ હોવાથી કરેક્શન આવવું જરુરી બન્યું છે. કોપરનો મૂળ ચાર્ટ હજુ સુધી તેજી તરફી જ છે. ખેર, ઉપરમાં ૪૫૭ ખૂબ જ મહત્ત્વની પ્રતિકારક સપાટી રહેશે. નીચામાં ૪૪૧ મહત્ત્વની સપાટી રહેશે. ટૂંકમાં હમણાં ઉપરના મથાળેથી વેચવાલી આવવાની ગણતરી બતાવી રહ્યું છે.

**ગોલ્ડ (૧૩૮૭) :** છેલ્લા બે સપ્તાહથી તેજી તરફી ચાલ આવી રહી છે. આ સુધારાની ચાલ વધઘટે આગળ વધવાનાં સંકેત આપી રહ્યું છે. સાપ્તાહિક ચાર્ટમાં પોઝીટીવ સંકેત આપી રહ્યું છે. ચાર્ટની રીતે વિચારીએ તો આખો ફયુચર તેજીની ચાલમાં જ પુરો થશે તેવી ગણતરી છે. વધા રે પડતી વેચાણવાળી સ્થિતિ હોવાથી નીચા મથાળે ખરીદી કરનારને વળતર આપી જશે. ઉપરમાં વધઘટે ૧૪૦૦ સુધીનો ભાવ આવી શકે છે. ટૂંકમાં આ ભાવથી રોકાણ કરનારને નુકસાન આવવાની શક્યતા નહીંવત છે.

ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ : ધી ઈકોનોમિક રેવલ્યૂશન

# કૌભાંડો થકી તેજી પર બ્રેક

વાંચક મિત્રો,

ગત સપ્તાહમાં અગાઉ કહ્યા મુજબ

**બેસ્ટ ટીપ્સ**



રૂપેશ શાહ
મો. ૯૪૨૮૭૩૨૫૭૨
rup947@yahoo.co.in

પ્રત્યાઘાતી ઉછાળો જોવા મળ્યો હતો. આવનાર સપ્તાહમાં માર્કેટ એફ એન્ડ ઓનું છેલ્લું સપ્તાહ હોવાથી માર્કેટમાં બંને તરફી વધઘટ મોટાપાયે જોવા મળશે. તેમજ માર્કેટ જોખમી બની રહેતા રેલ્વે બજેટ પણ આવનાર સપ્તાહમાં હોવાથી માર્કેટમાં તેજી-મંદી સેક્ટરવાઈઝ જોવા મળશે. મિત્રો કલાના તબક્કે દરકે ઘટાડે ૨૦-૨૫ ટકા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ કંપનીમાં સામે પડીને રોકાણ કરવું. મિત્રો કૌભાંડો માર્કેટની તેજીને રોક લગાવે છે. પરંતુ આવનાર સપ્તાહમાં મોંઘવારી દરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે. મિત્રો ઓવરઓલ તેજી - મંદીનો મોટો વેપાર જોખમી બની રહેશે. મિત્રો હાલના પખવાડીયામાં ઈન્ટ્રા ડે વેપાર જ કરવો તેમજ માર્કેટની સાથે ચાલવું એ પેણ સ્ટોપલોસ રાખવો નહીં તો પસ્તાવાનો વારો આવશે.

**(૧) મારુતિ (૧૨૨૮.૮૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૨૨૧** અને દૂરના **૧૨૧૨** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો.

**અનુસંધાન પા.નં. ૫ ઉપર**

**બાય એન્ડ સેલ પા.નં. ૧ નું ચાલુ**

**કોંગ્રેસ સરકાર ' આ પાર કે પેલે પાર' પરિસ્થિતિમાં :**

હવે દરેક એ બાબત તરફ નજર રાખી રહેલ છીએ કે નીચે દર્શાવેલ પરિસ્થિતિમાં કોંગ્રેસ સરકાર શું કાર્યવાહી કરશે. તેમાં મોટા ભાગના બેધારી તલવારથી રમત રમી રહેલ છે.

૧.સરકારે પેટ્રોલના ભાવ વધાર્યા, જેના કારણે ઉત્પાદનોની પડતર વધી, ઘણા ઉદ્યોગોમાં વેચાણમાં ઘટાડો થયો, આ ઉપરાંત વધતા જતા ખાદ્ય પદાર્થોની કિંમત ફૂગાવાના દરને નીચો આવવા દેતી નથી, આવી ઘટાનાઓ હાલમાં જીવંત રીતે રાસ રમી રહેલ છે ત્યારે અમો એ સમજી શકતા નથી કે જીડીપી દરમાં આવનાર વર્ષે ૮.૫૦ ટકા કરતાં પણ વધારે વૃધ્ધી થવાની જાહેરત કેવી રીતે કરવામાં આવી રહેલ છે?

૨.આમ છતાં કેન્દ્ર સરકાર સ્પેક્ટ્રમ ઈસ્યુ માટે જેપીસી ઈન્કવાયરી કરવા માટે કેન્દ્ર સરકાર સંમત થઈ છે. વિરોધ પક્ષો અને સુપ્રિમ કોર્ટ પણ આ કૌભાંડો કેવી રીતે થયા તે શોધવા મહેનત કરી રહેલ છે.(માત્ર ૨ જી સ્પેક્ટ્રમ જ નહીં, સુપ્રિમ કોર્ટેસરકારને આદર્શ ઈસ્યુ માટે પણ તાકીદ કરેલ છે, સી ડબલ્યુ જી ઈસ્યુ માટે તાકીદ કરેલ છે અને હવે સરકાર પરદેશની બેંકોમાં જમા થયેલ અઢળક નાણાના પ્રશ્ને પણ પ્રશ્નાર્થચિન્હમાં આવી ગયેલ છે. જો આ પ્રશ્નો અંગે સરકાર કોઈ યોગ્ય ઉકેલ લાવવા સક્ષમ નહીં હોય તો તેઓ બજેટ સેશન સફળતાપૂર્વક પાર પાડી શકશે કે કેમ ? તે ખૂબ શંકાસ્પદ છે.

૩. જયારે ઘણા ઉચ્ચ અધિકારીઓ અને પ્રધાનોનાં નામ લાંચ રૂશ્વતમાં સંડોવાયેલ છે ત્યારે (માત્ર તેમની સાથે જોડાએલ પાર્ટીના સભ્યો જ નહી, મિડીયાએ તેમની પોતાની પાર્ટીના માણસો પરફ પણ શંકાની આંગળી ચીંધેલ છે) સરકાર વિરોધપક્ષો અને સુપ્રિક કોર્ટ સાથે કેવી રીતે નિપટશે? જે કોંગ્રેસ સરકાર તેમની આબરૂ સાચવવા ગંભીર કઠોર પગલાં લેશે તો, તેનો અર્થ તેઓ જે ડાળી પર બેઠા છે તે ડાળી કાપવા જેવો થશે, તેઓ તે ડાળીની ટોચે જ બિરાજેલ છે. જો તેઓ કોઈ કઠોર પગલાં લેતા નથી તો, તામીલનાડુ, કેરાલા, પોન્ડીચેરી, વેસ્ટ બેંગાલ અને આસામ ખાતે આવનાર રાજય સરકારની ચૂંટણીઓમાં કોંગ્રેસ અને તેમની સહયોગી પાર્ટીઓને સફળતા મળશે નહીં.

૪. છેલ્લું પણ અંતિમ નહીં, સરકાર જનતા, ઉદ્યોગો અને વિદેશી રોકાણકારો આગળ તો જ તેમની આબરૂ સાચવી શકે કે જયારે તેઓ સારું કોર્પોરેટ સંચલાન કરે અને સારો કોર્પોરેટ નફો દર્શાવે. અમો આ બાબતમાં ખૂબ જ શંકાશીલ છીએ, અરે, બજારમાં પણ આવનાર બજેટની વાત આમ જ થાય છે, જે જનતા પણ જાણે છે. જો તેઓ જનતાને સાનુકૂળ બજેટ સાથે આવશે, તેઓ રાજવિત્તિય ખાદ્યને કેવી રીતે કાબૂમાં લઈ શકે? તેઓ બળતણ અને ખાદ્ય પદાર્થોમાં વધતા જતા ફૂગાવાને તો નાથી શકતા નથી. (કારણ છે રાજકીય દબાણ અને રાજકીય સમાધાન)

૫. હવે કોંગ્રેસ સરકારને એ સત્ય સમજાઈ ગયેલ છે મહાત્મા ગાંધીજીના ખાસ શબ્દો (ડુ ઓર ડાય) આ પાર કે પેલે પાર. જો ઉપરનાં પાસાંઓનો વિચાર કરીએ તો આપણે એ તારણ ઉપર આવીશું કે કોંગ્રેસ સરકાર આ વખતે આ પાર કે પેલે પાર પરિસ્થિતિમાં છે. ટકી રહેવા માટે તેમણે કાં તો કંઈક (સારું) કરવં પડશે અથવા તો મરવાનું સ્વીકારવું પડશે. જો તેઓ કંઈ પણ સારું કરી શકશે નહીં, સરકારને તેનું ભાન થયેલ છે કે તેઓ ડીવેસ્ટમેન્ટ દ્વારા ૮૦૦૦૦ કરોડ ઉભા કરી શકશે. જો બજારની પરિસ્થિતિ સારી હશે તો જ આ શકય બનશે અને આ માટે તેઓએ એફ આઈ આઈ નો ભારતીય બજારો પરનો વિશ્વાસ મેળવવો જ પડશે. તેથી આપણી સરકાર જે માનતી હોય તેની શરૂઆત હાલમાં જ કરવી પડશે.

જો કે બજાર લાગણીપ્રધાન છે, આ પુરવાર થયેલ સત્ય છે, મજબૂત ફન્ડામેન્ટલ અને ટેકનીકલ લાંબુ આયુષ્ય આપશે.

આપણે હવે એ હકિકતનું ભાન થવું જોઈએ કે, આવા બજારમાં એક જ વ્યક્તિ જીતી શકેછે કે જે સારો ટેકનીકલ ટેકો ધરાવતા સારા ફન્ડામેન્ટલ ધરાવતા શેરોમાં રોકાણ કરે. (જયારે બધા બજારના કડાકા માટે રોતા હોય છે અને બુમો પાડતા હોય છે કે હવે બજારમાં કોઈ ઉપરની સપાટી જોવા મળશે નહીં ) ટેકનીકલી અમોને પણ કેટલુંક કરેકશન શકય લાગે છે, વધુમાં વધુ નીફટીમાં ૪૯૫૦ થી ૪૮૭૦ સુધીનું. આ જ સમયે જયારે બજાર હાલની નીચી સપાટી પણ તોડે ત્યારે કુલ રોકાણના ૨૫ ટકા રોકાણથી રોકાણ કરવાનું ચાલુ કરવું જોઈએ તે સલાહભર્યું છે.

જયારે આ આ લેખની શરુઆતથી જ આ બધાં પાસાં અંગે વિચાર કરીએ છીએ ત્યારે અને જયારે તેને અગાઉના ઈતિહાસ અને હાલના માઈક્રો ઈકોનોમિકલ કન્ડીશન સાથે સરખાવીએ છીએ ત્યારે, ઉપર જણાવેલ સપાટી તૂટે તો કોઈ પણ ઓછામાં ઓછા ૩૦ ટકા જેટલા નફા માટે ૧૦૦ ટકા જોખમરહિત રોકાણ કરી શકે.

**સેન્સેક્ષ ૧૮૨૧૧**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૧)**

આ સપ્તાહે ૧૮૨૫૩ અને ૧૮૦૬૩ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૮૨૫૩ ઉપર ટકી રહે અથવા તો ૧૮૦૬૩ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૧૮૦૬૩, ૧૭૮૭૯, ૧૭૭૦૮ અને ૧૭૫૯૫

**પ્રતિકારક સપાટી :** ૧૮૨૫૩, ૧૮૪૬૪, ૧૮૬૭૧ અને ૧૮૭૮૫

**તા.૨૧ ફેબ્રુઆરીના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૮૧૬૨૯ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૮૪૬૪-૧૮૫૪૫ રહેશે. નહીંતર તે ૧૭૯૫૫-૧૭૮૭૯ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૮૧૬૨, ૧૮૦૬૩, ૧૭૯૫૫ અને ૧૭૮૭૯

**પ્રતિકારક સપાટી :** ૧૮૨૫૩, ૧૮૩૬૦, ૧૮૪૬૪ અને ૧૮૫૪૫

**નિફટી ૫૪૫૯**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૧)**

આ સપ્તાહે ૫૪૭૨ અને ૫૪૧૪ ની સપાટી અગત્યની રહેશે. જો નિફટી ૫૪૭૨ ઉપર અથવા તો ૫૪૧૪નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૫૪૧૪, ૫૩૫૫, ૫૩૦૭ અને ૫૨૭૪

**પ્રતિકારક સપાટી -** ૫૪૭૨, ૫૫૩૫, ૫૫૯૫ અને ૫૬૩૪

**તા.૨૧ ફેબ્રુઆરીના રોજ નિફટીની પરિસ્થિતિ**

આજે, જો નિફટી ૫૪૪૫ ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૫૩૫-૫૫૫૩ દર્શાવી શકે. નહીંતર નિફટી ૫૩૮૨-૫૩૫૫ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૫૪૪૫, ૫૪૧૪, ૫૩૮૨ અને ૫૩૫૫

**પ્રતિકારક સપાટી -** ૫૪૭૨, ૫૫૦૪, ૫૫૩૫ અને ૫૫૫૩

**ડીલીવરી પેક**

અમોએ અગાઉ જણાવેલ કે નીચે જણાવેલ શેરોમાં હાલના ઘટાડાના ભાવે ઓછામાં ઓછા ૩૦ ટકા વળતર માટે રોકાણ કરી શકાય અને તેમાં ખૂબ જ સહેલાઈથી સાધ્ય થાય તેવા લક્ષાંક પણ આપેલ હતા. આ ઉપરાંત એ પણ યાદ કરવું જોઈએ કે હજુ પણ આપણી પાસે નીચે તરફ ૪૯૫૦-૪૮૭૦ સુધી જવાની શકયતા છે અને આ મગજમાં રાખીને તેઓ હજુ પણ નીચે જણાવેલ શેર ઉમેરી શકે છે.

**એબીજી શીપયાર્ડ (૩૯૦), અજમેરા રિઆલીટી (૧૯૫), અમરરાજા બેટરીઝ (૨૦૩), બોમ્બે ડાઈંગ (૩૭૮), હિન્દ ડોર (૧૦૫), જી ઈ આઈ ઈન્ડ (૨૦૦), કલ્પતરૂ પાવર (૧૬૨), કીરલોસ્કર ન્યુમેટિક (૫૦૦) અને નવીન ફલોરાઈન (૩૨૦)**

**વિહંગાવલોકન :** ગત સપ્તાહે ઉપર દર્શાવેલ કેટલાક શેરને તેમના ૧૧ ફેબ્રુઆરીના બંધ ભાવ સાથે સરખાવીએ તો શેરોએ ટૂંકા ગાળામાં ખૂબ સારું વળતર આપેલ છે. એબીજી શીપ યાર્ડ રૂ. ૩૩૧ થી વધીને રૂ. ૩૭૫ થયેલ, અજમેરા રિઆલીટી રૂ. ૧૬૭થી વધીને રૂ. ૧૯૪ થયેલ, જીઈઆઈ ઈન્ડ રૂ. ૧૬૫ થી વધીને રૂ. ૨૦૧ થયેલ કીરલોસ્કર ન્યુમેટિક રૂ. ૩૮૦થી વધીને રૂ. ૪૧૮ થયેલ અને નવીન ફલોરાઈડ રૂ. ૨૪૭ થી વધીને રૂ. ૨૬૯ થયેલ હતો. હજુ પણ સારા અને ઝડપી વળતર માટે આ શેરોમાં ઘટાડે રોકાણ કરી શકાય.

**વધુમાં, ઉપરની બાબતે જણાવીશ કે ટૂંકા થી મધ્યમ ગાળા માટે સારા વળતરની અપેક્ષાએ નીચેના શેરોમાં પણ રોકાણ કરી શકાય.**

**અનન્તરાજ ઈન્ડ (૭૫-૯૦), દીપ ઈન્ડ (૬૦-૯૦), ગુજ ફોઈલ (૮૦-૧૦૦), નોઈડા સટોલ (૨૭ - ૩૬), એસઈએલએમસીએલ (૨૦-૩૦) એસ એમ એલ ઈઝુઝુ (૩૬૦-૪૨૦) અને ટીટાગઢ વેગન લી (૪૧૫-૫૦૦)**

## સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી

### ૨૧ ફેબ્રુઆરી થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૧

| SCRIP | CLOSE | SUP. | RESIS. |
|---|---|---|---|
| ABGSHIP | 360 | 352,343 | 369,378 |
| ALBK | 208 | 203,198 | 216,225 |
| BHARTI | 330 | 324,315 | 347,360 |
| DLF | 232 | 227,220 | 244,257 |
| GODREJIND | 168 | 166,163 | 177,186 |
| HDFCBANK | 2170 | 2153,2124 | 2210,2245 |
| HINDALCO | 209 | 206,203 | 221,226 |
| HINDOILEXP | 172 | 169,164 | 180,185 |
| INDHOTEL | 82 | 80,78.50 | 85,88 |
| INFOSYSTCH | 3096 | 3077,3044 | 3128,3159 |
| ITC | 156 | 154,151 | 161,168 |
| LIC | 191 | 185,180 | 198,205 |
| PETRONET | 113 | 112,109 | 117,122 |
| PIRHEALTH | 440 | 435,428 | 450,459 |
| PUNJLLOYD | 71 | 70,67.50 | 75,78 |
| RANBAXY | 502 | 497,490 | 518,527 |
| RELIANCE | 936 | 924,911 | 955,972 |
| SAIL | 158 | 155,152 | 168,171 |
| SBIN | 2760 | 2738,2719 | 2793,2814 |
| SESAGOA | 310 | 305,298 | 324,335 |
| SIEMENS | 845 | 836,827 | 853,868 |
| STER | 160 | 157,152 | 168,173 |
| TATAMOTORS | 1200 | 1188,1157 | 1225,1256 |
| TATAPOWER | 1264 | 1243,1216 | 1292,1329 |
| TATASTEEL | 638 | 634,627 | 651,662 |
| TCS | 1090 | 1080,1055 | 1132,1157 |
| WIPRO | 432 | 427,422 | 439,442 |

# માત્ર બી એસ ઈ પર લીસ્ટ થતા આ નાના ઈસ્યુમાં અરજી કરવી હિતાવહ નથી

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

## ફાઈનોટેક્ષ કેમિકલ લી.

**કંપનીનો પરિચય**

૨૦૦૪માં સ્થપાયેલ આ કંપની આઈ એસ ઓ ૯૦૦૧-૨૦૦૦ થી પ્રમાણિત છે, અને વિવિધ ઉદ્યોગો માટે સ્પેશિયાલીટી કેમિકલ્સ અને એન્જાઈમ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી છે.

**આઈપીઓનો હેતુ**

- ખાસ કેમિકલના ઉત્પાદન માટે સુવિધા ઉભી કરવી
- મુંબઈ ખાતે સેલ્સ ઓફીસ સ્થાપવી
- કાર્યકારી મુડી માટે કાર્યકારી મૂડી
- આ ઈસ્યુના ખર્ચને પહોંચી વળવા માટે
- સામાન્ય કોર્પોરેટ કારણો માટે

આ કંપની ટેક્ષટાઈલ અને ગારમેન્ટ ઉદ્યોગ, બાંધકામ ઉદ્યોગ, ચર્મ ઉદ્યોગ, વોટર ટ્રીટમેન્ટ ઉદ્યોગ, એગ્રોકેમિકલ્સ, એડહેસિવ્સ અને બીજા ઉદ્યોગોને એન્જાઈમ્સ (એક પ્રેરક દ્રવ્ય) પુરું પાડે છે. આ કંપની વિવિધ ઉદ્યોગ માટે ૧૦૦ જેટલાં ઉત્પાદનો ઉત્પાદિત કરે છે. આ કંપનીનું ઉત્પાદન એકમ નવી મુંબઈ ખાતે આવેલ છે.

આ કંપનીના ખાસ ગ્રાહક વૃંદમાં કલેરિઅન્ટ કેમિકલ્સ ઈન્ડિયા લી, પીડીલાઈટ ઈન્ડ. લી. ક્રોડા કેમિકલ્સ ઈન્ડિયા પ્રા. લી. (અગાઉની આઈ સી આઈ ઈન્ડિયા લી.), રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લી, ધી બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ કું.લી., રેમન્ડ ગ્રુપ, ગ્રાસિમ ઈન્ડ લી અને બીજાઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક સ્તરે પણ આ કંપની બંગલાદેશ, ઈન્ડોનેશિયા, બલ્જેરીયા, પાકિસ્તાન, કોલંબીયા, સિંગાપુર વગેરે સ્થળે ફેલાયેલ છે. આ કંપનીનાં ઉત્પાદનો ભારતમાં પણ મુંબઈ, બલોટ્રા, ભીલવારા, દિલ્હી, લુધિયાણા, ત્રીપુરા, કરૂર, ઈરોડ વગેરે સ્થળે ઉપલબ્ધ છે.

**રેટીંગ**

ક્રેડીટ રેટીંગ કંપની કેર દ્વારા આ કંપનીને ગ્રેડ ૨ ફાળવવામાં આવેલ છે, એટલે કે કેરના મંતવ્ય અનુસાર આ કંપની બીલો એવરેજ ફંડામેન્ટલ ધરાવે છે. કેર કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે.

**જોખમી પાસુ**

- કેર કંપનીના મંતવ્ય મુજબ આ કંપની એવરેજ કરતાં નબળા ફન્ડામેન્ટલ ધરાવે છે.
- આ ઉદ્યોગ અનઓર્ગેનાઈઝડ અને ઉચ્ચતમ હરિફાઈયુક્ત છે, જેમાં આ કંપનીનો ફાળો ખૂબ નાનો છે.
- આપેલ માલના પૈસા લાંબા સમય સુધી બાકી રહે છે.
- આ ઉદ્યોગમાં નવી વ્યક્તિને પ્રવેષવા માટે ખાસ કોઈ અડચણો નથી અને ગ્રાહકો પણ જળવાઈ રહે તે જરૂરી નથી
- આ કંપનીના કેટલાક પ્રમોટરો આ કંપનીના ધંધા જેવા જ ધંધા સાથે સંકળાયેલ છે અને તેથી તેમના આ કંપનીના ધંધાના રસ ખાસ જળવાઈ ન પણ રહે.
- આ કંપની એન એસ ઈ પણ લીસ્ટ થાય તેવી લાયકાત ધરાવતી નથી માટે માત્ર બી એસ ઈ પર જ લીસ્ટ થશે.
- હજુ તો આ કંપનીએ જમીનો હસ્તગત કરવાની પ્રક્રિયા પણ પૂર્ણ કરવાની છે.

**નાણાકીય અને ભલામણ**

ના. વ. ૨૦૧૦માં આ કંપનીની કુલ ઓપરેટીંગ આવક રૂ. ૨૦.૯૨ કરોડ હતી અને કંપનીએ ચોખ્ખો નફો માત્ર રૂ. ૩.૫૦ કરોડ કરેલ છે. અને ના. વ. ૨૦૧૧ના છમાસિક ગાળામાં આ કંપનીની આવકો રૂ. ૧૩.૪૮ કરોડ અને ચોખ્ખો નફો રૂ. ૨.૧૫ કરોડ થયેલ છે.

આ કંપીના ઈસ્યુના પ્રાઈઝબેન્ડ મુજબ આ કંપની તેની ના. વ. ૨૦૧૧ની આવકોના પ્રમાણમાં ૧૮ ના પી ઈ રેશિયોથી શેર ઓફર કરી રહેલ છે. ઓમકાર સ્પેશિયાલીટી કેમિકલ્સ, કે જેનો આઈપીઓ રૂ. ૯૮માં આવેલ અને હાલ આ ભાવ કરતાં લગભગ ૬૦ ટકા ભવો મળી રહેલ છે. આ શેર માત્ર બી એસ ઈ ઉપર જ લીસ્ટ થવાનો છે, ખૂબ જ હરિફાઈ યુક્ત બજારમાં નાનું સરખું કહી શકાય તેટલું કાર્ય છે, તેથી આ શેરથી દૂર રહેવું હિતાવહ જાય છે.

### ફાઈનોટેક્ષ કેમિકલ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૧ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૧**

| | | |
|---|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | | ૪,૨૧૧,૧૬૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | | રૂ. ૨૫.૨૭ - ૩૦.૩૨ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | | રૂ. ૬૦ થી રૂ. ૭૨ |
| **ઓછામાં ઓછી અરજી** | | ૯૦ (રૂ. ૬૪૮૦) |
| **વધારેમાં વધારે અરજી** | | ૨૭૦૦ (રૂ. ૧૯૪૪૦૦) |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | | ૩૭.૫૦ ટકા |
| **પ્રમોટર્સ** | | શ્રી સુરેન્દ્રકુમાર ટીબ્રેવાલા<br>શ્રી સંજય એસ. ટીબ્રેવાલા<br>શ્રીમતી કનકલતા એસ. ટીબ્રેવાલા<br>કુ. રીતુ એસ. ટીબ્રેવાલા |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | | ૪૨-૪૩, મનોરમા ચેમ્બર્સ,<br>એસ વી રોડ, બાંદરા (વેસ્ટ) મુંબઈ<br>ફોન નં. +૯૧-૨૨-૨૬૫૫૯૧૭૪ / ૭૫<br>ફેક્સ નં. +૯૧- ૨૨-૨૬૫૫૯૧૭૮ |
| Email | : | ipo@fineotex.com |
| Website | : | http://www.fineotex.com |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | | બીગશેર સર્વિસ પ્રા. લી.<br>ઈ-૨, અન્સા ઈન્ડ. એસ્ટેટ,<br>સાકી વિહાર રોડ, સાકીનાકા<br>મુંબઈ ૪૦૦ ૦૭૨<br>ફોન નં. +૯૧-૨૨-૨૮૪૭ ૦૬૫૨<br>ફેક્સ નં +૯૧-૨૨-૨૮૫૨ ૫૨૦૭ |
| Email | : | fclipo@bigshareonline.com |
| Website | : | http://www.bigshareonline.com |
| **ચેક લખવાની વિગત** | : | "Escrow Account - FCL Public Issue - R" For Retail Bidders |
| **બુકરનીંગ લીડ મેનેજર** | | ઈન્ડબેંક મર્ચટ બેંકીંગ સર્વિસીસ લી. |
| **લીસ્ટીંગ** | | બીએસઈ, |

**શેરની ફાળવણી**

| ક્યુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૨,૧૦૫,૫૮૦ | ૬૩૧,૬૭૪ | ૧,૪૭૩,૯૦૬ | ૦ |

# પ્રાઈમ ટાઈમ ન્યુઝ

## બજેટ પછી પેટ્રોલ-ડીઝલ સસ્તા થશે

૨૦૧૧-૧૨ના બજેટ બાદ પેટ્રોલ અને ડીઝલ સસ્તા થાય તેવી શક્યતા છે. નાણામંત્રી પ્રણવ મુખર્જી બજેટમાં આ બંને પરની એકસાઈઝ ડ્યુટી અને કસ્ટમ ડ્યુટીમાં ઘટાડો કરે તેવી શક્યતા છે તેમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. નાણાંમંત્રી કસ્ટમ્સ ડ્યુટી ૨.૫ ટકા ઘટાડે તેવી શક્યતા છે. હાલના આ દર ૭.૫ ટકા છે. જો ડ્યુટી ઘટાડવામાં આવે તો સરકારી તિજોરી પર રૂા. ૨૩૦૦૦ કરોડનો બોજો પડશે.

## ખાધાન્ન ફુગાવો બે માસની નીચી સપાટીએ ૧૧.૦૫ ટકા થયો

ખાદ્યાન્ન ફુગાવો પાંચમી ફેબ્રુઆરીએ પુરા થયેલા સપ્તાહ દરમ્યાન ઘટીને ૧૧.૦૫ ટકા થઈ જતા ફુગાવો બે મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. કઠોળની કિંમતમાં ઘટાડો થયો છે. નાણા મંત્રી પ્રણવ મુખર્જીએ કહ્યું છે કે ચીજ વસ્તુઓના ભાવમાં હજુ પણ ઘટાડો થશે. ખાદ્યાન્ન ફુગાવો થોડાક સમયમાં જ ઘટીને એક આંકડામાં આવી જશે. શાક ભાજીના ઊંચા ભાવને કારણે છેલ્લા થોડાક મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો બે આંકડામાં પહોંચી ગયો હતો. ડિસેમ્બરના છેલ્લા સપ્તાહમાં ફુગાવો ૧૮ ટકા પાર કરી ગયો હતો. વાર્ષિક આધાર પર બટાકાના ભાવમાં ૧૩.૬૩ ટકા, કઠોળના ભાવમાં ૫.૮૧ ટકા અને ઘઉંના ભાવમાં ૨.૫૪ ટકા નો ઘટાડો નોંધાયો છે. જો કે એકંદરે શાકભાજીના ભાવ પાંચમી ફેબ્રુઆરીના દિવસે સપ્તાહ દરમ્યાન ૨૪ ટકા મોંઘી હતી. અને ડીસેમ્બર જાન્યુઆરી દરમ્યાન ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ભાવમાં વધારો સરકાર માટે ચિંતાજનક બની ગયો હતો. જો કે હાલની તુલનાએ શાકભાજી અને દૂધ તથા ફળ હજુ પણ મોંઘા છે.

# પ્રાઈમરી માર્કેટના તાણા-વાણા

## સર્વલક્ષ્મી પેપરને આઈપીઓ માટે મળેલ સેબીની મંજૂરી

સર્વલક્ષ્મી પેપર્સ, લખવાના અને છાપવાના કાગળ તેમ જ ન્યુઝપ્રિન્ટના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. આ કંપનીને ૧ ટકા બુક બિલ્ડીંગ પ્રોસેસથી તેનો રૂ. ૬૦ કરોડનો આઈપીઓ લાવવા માટે સેબી તરફથી લીલી ઝંડી મળી ગયેલ છે.

કંપની આ ઈસ્યુ દ્વારા મળનાર નાણાંમાંથી મૂલ્યવર્ધિત ઉત્પાદનો કરવા માટે યંત્રો ખરીદવા માટે છે, લાંબા ગાળાની મૂડીની જરૂરિયાત સંતોષવા માટે છે અને બીજા ખર્ચાને પણ પહોંચી વળવા માગે છે. કી નોટ કોર્પોરેટ્સ સર્વિસ લી. આ ઈસ્યુના બુક રનીંગ મેનેજર તરીકેની ફરજો બજાવશે. જયારે ઈન્ડિયન ઓવરસીસ બેંક કો-બુક રનીંગ લીડ મેનેજર તરીકે ફરજો બજાવશે. લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી. આ કંપનીના રજીસ્ટ્રાર તરીકે ફરજો બજાવશે.

# આ સપ્તાહે સુદર ગારમેન્ટ, ફાઈનોટેક્ષ કેમિકલ અને એક્રોપેટલ ટેકનોલોજીસ મેદાનમાં

## ૨૧ ફેબ્રુઆરીએ બજારમાં આવી રહેલ ૨૦૦૦ કરોડનો એસબીઆઈનો બોન્ડ ઈસ્યૂ બજારમાં સારો આવકાર પામશે

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

મિત્રો, થોડા સપ્તાહથી રોજે રોજ નવા નવા કૌભાંડોને કારણે તેમ જ ઈજીપ્તની પરિસ્થિતિ તેમ જ અન્ય કારણોને કારણે બજારમાં ચાલતી ચંચળતા, અસ્થિરતા અને ઘટાડાને કારણે ઘણી કંપનીઓ ઈસ્યુ લાવવાથી દૂર રહી હતી, એમ લાગતું હતું કે જો હજુ પણ બજાર નીચે જશે તો કદાચ આઈપીઓનો દુષ્કાળ પડશે, હાલ તો બજેટ સુધી બજેટ રેલીને કારણે બજાર બે ડગલાં આગળ જાય છે અને એક ડગલું પાછળ ચાલે છે, ધીમી ગતિએ પણ વૃદ્ધિ દર્શાવી રહેલ છે. ગત સપ્તાહે પણ બજારે ૨૮૦ પોઈન્ટની વૃદ્ધિ સાથે બંધ આપેલ. બજેટ સુધી બજારની આવી ગતિ ચાલુ રહે તેવી સંભાવનાને કારણે આખરે આ સપ્તાહે સુદર ગારમેન્ટ, ફાઈનોટેક્ષ કેમિકલ અને એક્રોપેટલ ટેકનોલોજીસ તેમના આઈપીઓ સાથે મેદાનમાં આવેલ છે. બજારમાં તેજી હોય ત્યારે જ આવતી કંપનીઓ તેજીનો લાભ લેવા માટે જ આવતી હોય છે, આ વખતે ઈસ્યુમાં નાણાં ભરનાર લોકો ભરાઈ પડવાની શક્યતા વધારે હોય છે, કારણ કે બજારમાં બજેટ રેલી અથવા તેવાં કારણોસર આવનાર ઉછાળો ચાલુ જ રહે તે જરૂરી નથી. આથી લાંબા ગાળે જે ક્ષેત્રનો વિકાસ થવાની સંભાવના હોય, તેમ જ જે કંપનીનાં ઉત્પાદનોની માંગ આર્થિક વિકાસ સાથે વધતી જાય તેમ હોય અને આવી કંપનીઓની આવકો અને નફામાં સાતત્ય જળવાતું હોય તો આવા ઈસ્યુમાં અરજી કરી શકાય. હા ખોટા સિક્કા જેવી કંપનીઓમાં લીસ્ટીંગ વખતે ભાવમાં ઉછાળો આવે, કૃત્રીમ ઉછાળો પણ હોઈ શકે, પણ તેવી કંપનીઓમાં અરજી કરવી રોકાણકારો માટે જોખમી હોઈ શકે, અત્રે આપેલ પૃથ્થકરણ એક અભ્યાસને આધારે હોય છે, આમ છતાં વાચકોએ પણ આપેલ વિગતોને લક્ષમાં લઈ થોડો અભ્યાસ કરી, ઈસ્યુ લાવનાર કંપનીઓના જેવી બીજી કંપનીઓની પરિસ્થિતિને પણ ધ્યાનમાં લઈ રોકાણ કરવું હિતાવહ જણાય છે.

# મધ્યમથી લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય

### એક્રોપેટલ ટેકનોલોજીસ લી.

**કંપનીનો પરિચય**

૨૦૦૧માં સ્થપાયેલી એક્રોપેટલ ટેકનોલોજીસ લી. એક મીડટાયર આઈ ટી સેવાઓ ઉપલબ્ધ કરાવતી અને ઉત્પાદનો ઉપલબ્ધ કરાવતી કંપની છે. આ કંપની એન્જીનીયરીંગ ડીઝાઈન સેવાઓ, હેલ્થકેર અને ઉર્જા અને પર્યાવરણ સેક્ટરના ગ્રાહકોને આઈટી અંગેની આઉટસોર્સીંગ સેવાઓ ઉપલબ્ધ કરાવે છે.

આ કંપની ઉત્પાદનનો સમય અને કિંમત ઘટે તે માટે એન્જીનીયરીંગ ડીઝાઈન સેવાઓ પુરી પાડે છે, જેમાં કન્સેપ્ટ ડીઝાઈન, પ્રોડક્ટ ડીઝાઈન અને ડેવલપમેન્ટ, એડવાન્સ એનાલીસીસ વગેરે સેવાઓનો સમાવેશ થાય છે. બીજી સેવાઓમાં ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો, નવા વિચાર, ઉત્પાદનના ભાવમાં ઘટાડો, ઉત્પાદનની ફેર ડીઝાઈન, બેક ઓફીસ સપોર્ટ માટે ૨ ડી ડ્રોઈંગ, ડેટા કન્વરજેશન અને ૩ ડી મોડલીંગ અંગેની સેવાઓ પણ પુરી પાડે છે.

આ કંપની બેંગલોર ખાતે તેનું મુખ્યમથક ધરાવે છે આ ઉપરાંત દુબાઈ, યુ એ ઈ વગેરેમાં પણ તેમની ગૌણ કંપની વીઝન ઈન્ફો આઈ એન સી દ્વારા કાર્યરત છે. આ કંપની બેંગલોર ખાતે નવું સોફ્ટવેર ડેવલપમેન્ટ સેન્ટર કમ કોર્પોરેટ ઓફીસ સ્થાપવા માગે છે તે ઉપરાંત યુ એસ, યુકે, મીડલ ઈસ્ટ અને સાઉથ ઈસ્ટ એશિયા ખાતે પણ કચેરીઓ શરુ કરવા માગે છે.

**કંપનીની મજબુતાઈ**

● વૈશ્વિક સ્તરે પ્રસરવા માટે કાર્યક્ષમતા અને ઉત્પાદનની ઓછી પડતર પર ખાસ આધાર રાખવો પડે છે. આ કંપનીના ધંધાને વૈશ્વિકસ્તરે પ્રસરવા માટે સારી એવી સંભવિતતા છે.

● સર્વિસીસ અને સોફ્ટવેર સેગમેન્ટનો સ્થાઈ વિકાસ ૬.૧ ટકો છે અને ૨૦૧૦માં તે ૧.૨ ટ્રીલીયન યુ. એસ. ડોલરને વટાવી જશે.

● વૈશ્વિક બી પી ઓ બજાર ૧૧.૯ ટકાના વાર્ષિકદરે વૃદ્ધિ પામે તેવી અપેક્ષા છે. અને ૨૦૧૨ માં ૧૮૧ બીલીયન યુ એસ ડોલર સુધી પહોંચે તેવી શકયતાઓ છે. આ સાથે આઈટી માર્કેટ પણ ૬.૯ ટકા વાર્ષિક દરથી વિકાસ પામશે જે ૨૦૧૨માં ૨૭૫ બીલીયન યુ. એસ ડોલર સુધી પહોંચે તેવી અપેક્ષા છે.

● દેશમાં પણ અર્થતંત્રમાં આપેલ છૂટછાટ, મહત્વના સેકટરમાં નિયંત્રણ મુક્તી અને વિકાસલક્ષી અભિગમના કારણે ભારત વૈશ્વિક અર્થતંત્ર માટે દોરવણી આપનાર બની શકે, જે કારણે આ દેશોમાં ખાસ કરીને ટેલીકોમ અને બેંકીંગમાં વધુ આઈ ટી સેવાઓની માંગ ઉભી થાય. અને જો આમ થાય તો આપણા દેશમાં જ આઈ ટી સેવાઓ માટે ૫૦ થી ૬૦ ટકા જેટલી માંગ વધી જાય, તેનો લાભ આ કંપનીને પણ મળી શકે.

**જોખમી પાસુ**

● થોડા ગ્રાહકો ઉપર જ આધારિત છે. પાંચ ટોચના ગ્રાહકો જ કુલ આવકના ૮૦ ટકા જેટલી આવક કરાવે છે, ઓછા ગ્રાહકો ઉપર આધાર રાખતી કંપની જો ગ્રાહક તૂટે તો મુશ્કેલીમાં આવી શકે.

**રેટીંગ**

કેડીટ રેટીંગ કંપની ઈકરા દ્વારા આ કંપનીને ગ્રેડ ૩ ફાળવવામાં આવેલ છે, એટલે કે ઈકરાના મંતવ્ય અનુસાર આ કંપની સરાસરી ફંડામેન્ટલ ધરાવે છે.ઈકરા કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે.

● આ કંપનીની મોટા ભાગની આવકો યુ એસ ડોલરમાં તેમ જ બીજા વિદેશી ચલણમાં થાય છે અને ખર્ચ રૂપિયામાં થાય છે, તેથી નાણાકીય ફૂગાવો આ કંપનીને અસરકૃત થઈ શકે.

**નાણાકીય અને ભલામણ**

આ કંપનીએ ૨૦૦૮ થી ૨૦૧૦ સુધીની આવકો લગભગ સમાન રીતે વધતી રહેલ છે જો કે ૨૦૦૮ ની આવકો કરતાં ૨૦૦૯ની આવકોમાં સારો એવો વધારો જણાયેલ છે સાથો સાથ કંપનીના નફામાં વૃદ્ધિ થતી રહેલ છે. જો કે ૩૧ ડીસેમ્બર ૨૦૧૦ અંતિત માસમાં આ કંપનીની આવકોમાં સારો એવો વધારો જોંધાયેલ છે લગભગ ૩૩ ટકા જેટલો અને નફામાં પણ લગભગ આટલો જ વધારો નોંધાયેલ છે. આ રીતે કંપનીએ તેની આવકો અને નફો જાળવી રાખેલ છે., તેનો ટ્રેકરેકર્ડ અને ભવિષ્યનો વિકાસ આશાસ્પદ જણાય છે. સુચાલન પણ કાબેલીયત પૂર્ણ જણાય છે.

કેડીટ રેટીંગ કંપની ઈકરા દ્વારા પણ આ કંપનીને ગ્રેડ -૩ આપવામાં આવેલ છે, જે પાછળના થોડા વર્ષમાં કંપનીના નફા અને આવકોમાં થયેલ વૃદ્ધિને આભારી છે. તેનો ઓપરેટીંગ માર્જીન પણ સંતોષકારક છે અને છેલ્લા કેટલાક વર્ષથી આ કંપનીના મેનેજમેન્ટ દ્વારા કંપનીની કાર્યક્ષમતા અને મજબૂતાઈ વધારવા માટે સારા એવા પ્રયત્ન થઈ રહેલ છે. હેલ્થકેર અને એનર્જી સેગમેન્ટમાં સારો વિકાસ થશે તે સાથે આ કંપનીનો પણ સારો વિકાસ થઈ શકે તેમ જણાય છે. તેથી મધ્યમથી લાંબા ગાળા માટે આ કંપનીમાં રોકાણ કરી શકાય.

### એક્રોપેટલ ટેકનોલોજીસ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૧ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૧**

| | |
|---|---|
| ઈસ્યુનો પ્રકાર | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| કુલ ઈસ્યુની સાઈઝ | ૧૮,૮૮૮,૮૮૮ ઈક્વિટી શેર |
| ઈસ્યુ દ્વારા મળનાર રકમ | રૂ. ૧૭૦ કરોડ |
| શેરની મૂળ કિંમત | રૂ. ૧૦ |
| પ્રાસ્તવિક કિંમત | રૂ. ૮૮ થી રૂ. ૯૦ |
| ઓછામાં ઓછી અરજી | ૬૦ (રૂ. ૫૪૦૦) |
| વધારેમાં વધારે અરજી | ૨૨૨૦ (રૂ. ૧૯૯૮૦૦) |
| ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો | --- |
| પ્રમોટર્સ | શ્રી ડી રવીકુમાર |
| કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ | ૨/૧૦, ત્રીજો માળ, અજય પ્લાઝા, પ્રથમ મેઈન, એન એસ પાલ્યા, બેનરઘટ્ટા રોડ, બેંગલોર ૫૬૦૦૭૬ ફોન નં. + ૯૧-૮૦-૪૧૫૫ ૯૫૦૧/૦૨ ફેક્સ નં. + ૯૧-૮૦-૨૬૭૮ ૯૫૫૩ |
| Email | : ipo@acropetal.com |
| Website | : http://www.acropetal.com |
| ઈસ્યુના રજીસ્ટ્રાર | શેરેક્ષ ડાયનેમિક (ઈન્ડિયા) પ્રા. લી. યુનિટ ૧, લુથરા ઈન્ડ. પ્રિમાઈસીસ, સેફેડ પુલ, અંધેરી - કુરલા રોડ અંધેરી મુંબઈ ૪૦૦ ૦૭૨ ફોન નં. +૯૧- ૨૨ - ૨૮૫૧ ૫૬૦૬ ફેક્સ નં +૯૧ - ૨૨ - ૨૮૫૧ ૨૮૮૫ |
| Email | : atl.ipo@sharexindia.com |
| Website | : http://www.sharexindia.com |
| બુકરનીંગ લીડ મેનેજર | સેફ્રોન કેપિટલ એડવાઈઝર્સ પ્રા. લી. |
| લીસ્ટીંગ | બીએસઈ, એન એસ ઈ |

**શેરની ફાળવણી**

| ક્યુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૯,૪૪૪,૪૪૪ | ૨,૮૩૩,૩૩૩ | ૬,૬૧૧,૧૧૧ | ૦ |

**આઈપીઓનો હેતુ**

- સંભવિત એકવીજીશન માટે ફંડ એકત્રિત કરવા માટે
- હોસર રોડ, બેંગલોર ખાતે સોફ્ટવેર ડેવલપમેન્ટ સેન્ટર કમ કોર્પોરેટ ઓફીસ સ્થાપવા માટે
- વિદેશોમાં પણ કાર્યરત થવા માટે
- લોનના રિપેમેન્ટ માટે
- વધારાની કાર્યકારી મૂડીની જરુરિયાત સંતોષવા
- બીજાં કોર્પોરેટ કારણો માટે
- આ ઈસ્યુના ખર્ચને પહોંચી વળવા

**નાણાકીય વિગતો**

(રૂ. લાખમાં)

| | ૦૮ | ૦૯ | ૧૦ | ૩૧ ડીસે ૨૦૧૦ |
|---|---|---|---|---|
| કુલ આવક | ૫,૯૭૦.૦૩ | ૯,૨૮૦.૪૯ | ૧૦,૮૦૮.૫૧ | ૧૦,૬૩૭.૪૫ |
| ચોખ્ખો નફો | ૧,૩૦૬.૩૭ | ૧,૬૫૮.૫૮ | ૧,૯૫૫.૦૯ | ૧૮૧૩.૨૬ |

**આવનાર સપ્તાહે આવનાર નવા ઈસ્યુ**

| કંપનીનું નામ | પ્રાઈસ બેન્ડ | ખુલ્લો મુકાશે | બંધ થશે | ભલામણ |
|---|---|---|---|---|
| સુદર ગારમેન્ટ | ૭૨-૭૭ | ૨૧-૦૨ | ૨૪-૦૨ | ઈસ્યુને ટાળો |
| એક્રોપેટલ ટેક | ૮૮-૯૦ | ૨૧-૦૨ | ૨૪-૦૨ | ઈસ્યુને ટાળો |
| ફોનોટેક્ષ કેમિકલ્સ | ૬૦-૭૨ | ૨૩-૦૨ | ૨૫-૦૨ | રોકાણ કરી શકાય |

# રોકાણકારો માટે કંઈ બાકી રાખેલ નથી, અરજી કરવી હિતાવહ નથી

### સુદર ગારમેન્ટસ લી.

**કંપનીનો પરિચય**

૨૦૦૨માં સ્થપાયેલી, સુદર ગારમેન્ટસ લી. ખાસ કરીને શર્ટસ, ટ્રાઉઝર્સ અને પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો માટેનાં સુંદર તૈયાર વસ્ત્રોનું ઉત્પાદન કરતી એક અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર કંપની છે. આ ઉપરાંત આ કંપની બીજી અગ્રણી કંપનીઓને કોન્ટ્રાક્ટ બેઝથી ઉત્પાદન કરી આપે છે.

સુદર ગારમેન્ટસ મહારાષ્ટ્રના રાયગડ જિલ્લાના ખાલપુર તાલુકામાં ૨૯,૬૨૬.૩૦ ચોરસ મીટરમાં પોતાનું ઉત્પાદન સેટઅપ ધરાવે છે જેની માસિક ઉત્પાદન ક્ષમતા શર્ટ, ડ્રેસ, પેન્ટસ, ટોપસ, સ્કર્ટસ અને ડેનીમ વગેરેની મળીને ૧,૬૬,૬૬૭ નંગની છે. હાલમાં આ કંપની તેની બ્રાન્ડનેમ ‘ગ્લોરી ટુ ગ્લોરી’ ના નામે ઉત્પાદન કરે છે અને ટૂંક સમયમાં જ આ કંપની બીજી બે બ્રાન્ડ ઉમેરી રહેલ છે જેનાં નામ ‘સેંટ પાઉલ’ અને ‘મેજેસ્ટી’ હશે.

**કંપનીની મજબુતાઈ**

કોઈ ખાસ મજબૂતાઈ ધ્યાન પર આવતી નથી, સિવાય કે ઈસ્યુ ટાણે એકાએક નફામાં આવેલ આશ્ચર્યજનક વૃદ્ધિ

**જોખમી પાસુ**

● આ ઈસ્યુથી મળનાર નાણાં ખર્ચ કરવા માટેના અંદાજો છે તે અંદાજો તેના સંચાલકોના છે, આ માટે કોઈ બેંક અથવા તો નાણાકીય સંસ્થાનોનું અલગથી સમર્થન કે સલાહ લેવામાં આવેલ નથી.

● વિસ્તૃતિ કરણ માટેનો ખર્ચ સંપૂર્ણ રીતે આ ઈસ્યુથી થશે, તેમાં આ કંપનીના સંસ્થાપકોનો કોઈ ફાળો નથી.

● આ કંપનીના સ્થાપક મરુગન મુથીઆહ થેવર દ્વારા આ શેર માત્ર રૂ. ૧૪.૭૨ ના ભાવે લેવામાં આવેલ છે.

● ક્રિસીલ દ્વારા આ ઈસ્યુને નબળા ફન્ડામેન્ટલ વાળો ઠરાવવામાં આવેલ છે, કારણ કે તેનું સંચાલન નબળું. આ ડીરેક્ટરોમાંના એક ડીરેક્ટર તેમના કાર્ય અંગે સારી સમજ ધરાવે છે જયારે બીજા ડીરેક્ટરો તેમના કાર્ય અંગે એટલા સભાન નથી. ક્રીસીલ માને છે કે આ કંપની પાસે બીજું કોઈ મજબૂત સેકન્ડલાઈન મેનેજમેન્ટ પણ નથી કે જે આ ધંધાનો વિકાસ કરી શકે. જોકે કંપનીએ તેની ટીમને મજબુત બનાવવા માટે પગલાં લીધેલ છે પરંતુ મધ્યમ ગાળામાં જ સક્ષમતા જોવા મળેલ છે.

● કંપની છૂટક બિઝનેસમાં ખૂબ જ મર્યાદીત અનુભવ ધરાવે છે. લાંબા ગાળાના કોન્ટ્રાકટના અભાવે અને માત્ર થોડા ખરીદદારો પર જથ્થાબંધ ખરીદી માટે આધાર રાખવો પડતો હોય તે સારી બાબત નથી.

**રેટીંગ**

કેડીટ રેટીંગ કંપની ક્રીસીલ દ્વારા આ કંપનીને ગ્રેડ ૧ ફાળવવામાં આવેલ છે, એટલે કે ક્રીસીલના મંતવ્ય અનુસાર આ કંપની નબળા ફંડામેન્ટલ ધરાવે છે. ક્રીસીલ કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે.

**નાણાકીય અને ભલામણ**

આ કંપનીની આવકો પર નજર કરીએ તો જણાશે કે ના. વ. ૨૦૦૮ થી ના. વ. ૨૦૧૦ અંત સુધિની વાર્ષિક આવકોમાં લગભગ અઢીગણો વધારો જોવા મળેલ છે. જયારે શેરદીઠ આવકમાં પણ તેટલો વધારો જોવા મળેલ છે પરંતુ વર્ષ ૨૦૦૯ કરતાં ૨૦૧૦માં નફામાં લગભગ ૮૦૦ ટકા વૃદ્ધિ અને શેરદીઠ આવકમાં પણ તેટલી જ વૃદ્ધિ જોવા મળેલ છે. કુલ આવકમાં લગભગ ૨૫૦ ટકા વૃદ્ધિ અને નફામાં ૮૦૦ ટકા વૃદ્ધિ ખાસ ધ્યાન ખેંચે છે. જો કે ઈસ્યુ લાવવા ટાણે થયેલ આ અસમાન વૃદ્ધિ માટેનાં ખાસ કોઈ કારણો જણાતાં નથી.

આ કંપની જે ભાવે ઈસ્યુ લાવી રહી છે તે ના. વ. ૨૦૧૧ની તેની કમાણીની દ્રષ્ટિએ લગભગ ૨૪ના પીઈ રેશિયોથી આવેલ છે. સારી ગણાતી કંપનીઓ જેવી કે કેવલ કીરન કલોથીંગ, માન્ધના ઈન્ડ. ૧૨ના પીઈ રેશિયોથી ઉપલબ્ધ છે. આ સિવાય પણ તૈયાર વસ્ત્રોનું બજાર ખૂબ જ હરિફાઈયુક્ત છે અને આકર્ષક માર્જીન પણ ધરાવતું નથી. આ કંપનીનું માર્જીન ૨૦૦૯માં ૩ ટકા જેટલું હતું તે ૨૦૧૦ માં ૮ ટકા થઈ ગયેલ છે. ઉપર જણાવ્યું તેમ ઈસ્યુટાણે જ નફામાં આવેલ આ એકાએક વૃદ્ધિ આ કંપનીના શેરહોલ્ડરોને ભવિષ્યમાં મળનાર વળતર પ્રત્યે શંકા પ્રેરે છે. આ કંપનીના બુક રનીંગ લીડ મેનેજર છે આશિકા કેપિટલ, આ કંપની પણ સારા ઈસ્યુનું સંચાલન કરવા માટે જાણીતી નથી. ગત વર્ષે આ કંપનીએ બીરલા શલોકા અને તીરૂપતિ ઈન્કના ઈસ્યુનું સંચાલન કર્યું હતું, આજે બીરલા તેના ઈસ્યુ ભાવ ૫૦ સામે રૂ. ૧૯ માં અને તીરુપતી ઈન્ક તેના ઈસ્યુ પ્રાઈઝ ૪૩ સામે રૂ.૧૧ માં મળે છે.

આ ઈસ્યુમાં અરજી કરવી હિતાવહ જણાતી નથી.

### સુદર ગારમેન્ટસ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૧ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૧**

| | |
|---|---|
| ઈસ્યુનો પ્રકાર | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| કુલ ઈસ્યુની સાઈઝ | ૯,૦૮૮,૦૦૦ ઈક્વિટી શેર |
| ઈસ્યુ દ્વારા મળનાર રકમ | રૂ. ૬૫.૪૩ - ૬૯.૯૮ કરોડ |
| શેરની મૂળ કિંમત | રૂ. ૧૦ |
| પ્રાસ્તવિક કિંમત | રૂ. ૭૨ થી રૂ. ૭૭ |
| ઓછામાં ઓછી અરજી | ૮૧ (રૂ. ૬૨૩૭) |
| વધારેમાં વધારે અરજી | ૨૫૯૨ (રૂ. ૧૯૯૫૮૪) |
| ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો | ૪૯ ટકા |
| પ્રમોટર્સ | શ્રી મુરૂગન મુથીઆહ થેવર |
| કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ | ૧૧૭, પ્રથમ માળ, વર્ધમાન માર્કેટ, સેક્ટર ૧૭, વશી, નવી મુંબઈ ૪૦૦૭૦૩ ફોન નં. ૦૨૨ ૨૭૮૦૦૭૦૬/૨૭૮૮૦૯૯૪ ફેક્સ નં. ૦૨૨ ૨૭૮૮૯૨૩૯ |
| Email | : ipo@sudargarments.com |
| Website | : http://www.sudargarments.com/ |
| ઈસ્યુના રજીસ્ટ્રાર | લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી. સી-૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ એલબીએસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ મુંબઈ ૪૦૦ ૦૭૮ ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮ ફેક્સ નં +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |
| Email | : sul.ipo@linkintime.co.in |
| Website | : http://www.linkintime.co.in |
| ચેક લખવાની વિગત | : "Escrow Account - Sudar - R" For Retail Bidders |
| બુકરનીંગ લીડ મેનેજર | ૧. આશિકા કેપિટલ લી. |
| લીસ્ટીંગ | બીએસઈ, એન એસ ઈ |

**શેરની ફાળવણી**

| ક્યુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૪,૫૪૪,૦૦૦ | ૧,૩૬૩,૨૦૦ | ૩,૧૮૦,૮૦૦ | ૦ |

**નાણાકીય વિગતો**

રૂપિયા કરોડમાં

| | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૦ |
|---|---|---|---|
| કુલ આવક | ૮.૮૯ | ૨૦.૮૯ | ૫૩.૯૭ |
| ચોખ્ખો નફો | ૦.૨૮ | ૦.૫૯ | ૪.૧૧ |
| શેર દીઠ આવક | ૦.૬૮ | ૧.૩૧ | ૯.૦૦ |

**આઈપીઓનો હેતુ**

- હાલના તૈયાર વસ્ત્રોના ઉત્પાદન એકમનું વિસ્તૃતિકરણ રૂ. ૨૬.૨૯ કરોડ
- કાર્યકારી મૂડીની જરુરિયાત ૨૫ કરોડ
- બ્રાન્ડ બિલ્ડીંગ માટે આઉટલેટસ તૈયાર કરવા બાબત ૫.૯૦ કરોડ
- સામાન્ય કોર્પોરેટ ખર્ચ માટે
- નવા ઈસ્યુના ખર્ચને પહોંચી વળવા તેમ જ શેર બજારમાં લીસ્ટીંગનો લાભ લેવા માટે

**કલમ કોટકની પા.નં. ૮ નું ચાલુ**

બીજો ભાવ આવે. પરંતુ ૨૦૮૨ નીચે બંધ આવતાં આ શેરથી દૂર રહેવું. પ્રથમ ૨૦૧૭ નો ભાવ આવે અને ત્યારબાદ ૧૯૩૭ સુધી નીચે જવાની શક્યતા ઊભી થાય. પરંતુ બજેટને અનુલક્ષીને પીએસયુ શેરોમાં અપ મુવની શક્યતા છે તેથી આ શેરની પસંદગી કરી છે.

**(૪) બીઈએલ (ભારત અર્થ મુવર લિ.) બંધ ભાવ (૧૬૭૭)**

૧૬૭૨ના સ્ટોપલોસે ૧૬૯૫-૧૭૧૧ના ટાર્ગેટ સાથે આ શેરમાં લેણ કરી શકાય. સાપ્તાહિક ધોરણે બીલકુલ ન્યુટ્રલ બંધ આવ્યો છે. બંને તરફ મોટી વધઘટ તરફ વધી રહેલો શેર. સપ્તાહ દરમ્યાન ૧૬૭૨ તોડે તો ૧૬૧૫ આસપાસ ટેકાનો ભાવ અને ૧૬૭૭ ઉપર ટકી રહે તો પ્રથમ ૧૭૩૩ નો ભાવ અને તેની ઉપર પીએસયુ શેરોમાં કરન્ટ આવે તો આ શેર ૧૮૦૦ સુધી જઈ શકે. બજાર બજેટને અનુલક્ષીને ઘણું વોલેટાઈલ રહેશે. પરંતુ શક્યતાઓ ઉપર ટ્રેડીંગ કરવાથી સારા નફાની અને ઓછા નુકસાનની શક્યતા રહે.

# નિફ્ટીમાં સપ્તાહમાં ૨૫૦ પોઈન્ટ અને સેન્સેક્સમાં ૮૦૦ પોઈન્ટના વધઘટની શક્યતા

મિત્રો,

જય જલારામ,

ગઈ કાલે અમને ધી ઈકોનોમિક રેવલ્યૂશનનાં વાંચકો તરફથી બજારની પૂછપરછ કરતાં સતત ફોન આવતા રહ્યા પરંતુ અમે પૂનમ નિમિત્તે વીરપુર અને સોમનાથ (પ્રભાસ પાટણ) ભગવાનના દર્શને હોવાથી શેર બજારનો બિલકુલર આઈડીયા ન હતો તેથી અમારા સ્પષ્ટ પ્રતિભાવો આપી શક્યા નહીં. પરંતુ જે પૂછપરછ આવી તેનાં પરથી અમે એટલું તો સમજી શક્યા કે બજારમાં પ્રોફીટ બુકિંગ થઈ રહ્યું હતું. તેથી ટ્રેડરોને અચરજ થતું હતું અને તેઓ વધારે ઉછાળાની આશા રાખી રહ્યા હતા.

આપને યાદ અપાવી દઈએ તો અમે ગયા સપ્તાહનાં અમારા આર્ટીકલમાં સ્પષ્ટ જણાવેલ કે, **"સોમવારનો નિફટી વ્યૂહ અપ ગણવો"** અમે નિફટી વ્યૂહમાં એ પણ જણાવેલ કે લઈને વેપાર કરનાર ફાવશે **"દરેક ઉછાળે સ્ટોપલોસ ઉપર કરતાં જવું"** આનો મતલબ ઘણાં વાંચકો બરાબર સમજી શક્યા નહોતા. અમારું કહેવાનું તાત્પર્ય એ હતું કે લેણ જાળવી રાખવું. ગયા સપ્તાહને અંતે નિફ્ટી ૫૪૫૬ ઉપર બંધ હતી. તો તમારે લેણમાં ઊભા રહી અમે આપેલ રેસીસ્ટન્સ નિફટીના લેવલને ધ્યાનમાં રાખવાના હતા. સાપ્તાહિક રેસીસ્ટન્સ લેવલ અમે ૫૪૭૨ અને ૫૫૭૭ આપેલાં જે બંને પાર થઈ ગયા. હા એટલું ખરું કે ૫૪૭૨ ઉપર બંધ તા. ૧૫-૨-૨૦૧૧ના આવ્યો અને બીજા દિવસે પણ એજ બંધ આવ્યો. તા. ૧૫-૦૨ના બંધ ૫૪૮૧ આવ્યો તથા ૧૬-૨નો બંધ ૫૪૮૧.૭૦નો આવ્યો. આ બંને દિવસે બોટમ અનુક્રમે ૫૫૦૬.૫૦ અને ૫૫૦૪.૮૦ નો આવ્યો. જ્યારે ડબલ બોટમ બનતું હોય અને ટોપ અથવા તો બંધ એક સરખો આવતો હોય ત્યારે ખરા ખરીનો જંગ બુલ અને બીઅર વચ્ચે આ લેવલે છે તે સમજી લેવું જોઈએ.

**કલમ કોટકની**



**શરદ કોટક**
**મો. ૯૮૨૫૦૬૮૨૧૧**
Skotak@KI-TRADE.com
WWW.KI-TRADE.COM

પરંતુ સાપ્તાહિક લેવલનું મહત્ત્વ ન ભૂલવું જોઈએ. સાપ્તાહિક લેવલ પાર કર્યા બાદ જ પ્રોફીટ બુકિંગ આવ્યું. અને સારું એવું પ્રોફીટ બુકિંગ પણ આવ્યું. અમને આનંદ છે કે જે લોકોએ અમારા અણસારને ગંભીરતાથી લીધું તેમણે સારો એવો નફો રળ્યો. અને કમાયા. બીજાં અમારા ગયા સપ્તાહના અમારા મેકડોવેલ ના બાય કોલે તરખાટ મચાવી દીધો. સોમવારના ૯૯૯.૯૫ના બંધ ઉપરથી બીજા દિવસે એટલે કે સોમવારના ૧૧૭૨નો ટોપ બનાવી ૧૧૪૯ નો બંધ આવ્યો. ૧૫ ટકા થી પણ વધારે વધ્યો.

ગયા સપ્તાહની અમે કરેલી ભલામણો ઘણી જ વિગતવાર હતી તેથી અમે આમ કહ્યું અને અમે તેમ કહ્યું તેવી ચર્ચા અને છણાવટ કરવા કરતા એક ટેબલમાં વિગત ટૂંકી અને મુદ્દાસર આપીએ છીએ. વાંચકો શાણા અને સમજદાર છે તથા બધું સમજે છે.

## STOCK INDICES : WEEKLY MOVEMENT

| | 11 - 02 -2011 | 18 - 02 -2011 | + - |
|---|---|---|---|
| Sensex | 17728.61 | 18211.52 | + 482.91 |
| Nifty | 5310.00 | 5458.95 | + 148.95 |

**સપ્તાહ દરમ્યાન બજાર મજબૂત રહ્યું. અપેક્ષા મુજબ જ અને સેન્સેક્સ ૪૮૨.૯૧ અને નિફ્ટી ૧૪૮.૯૫ પોઈન્ટ વધીને બંધ રહ્યો. શુક્રવારે હજી સાપ્તાહિક બુકિંગ થયું નહીં તો હજી નિફ્ટી તથા સેન્સેક્સ વધારે વધીને બંધ રહ્યા હોત.**

## ગયા સપ્તાહની ભલામણો

| ક્રમ | શેર | બંધ ભાવ | સોમવારનો ટોપ | સાપ્તાહિક ટોપ | બંધ ભાવથી ટોપનો તફાવત / રૂા. | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેકડોવેલ | ૯૯૯ | ૧૧૭૨.૦૦ | ૧૨૧૯.૯૫ | ૨૨૦ | ૨૨ % |
| ૨ | એસબીઆઈ | ૨૫૯૨ | ૨૭૦૬.૯૦ | ૨૮૧૪.૭૫ | ૨૨૨ | ૮.૬૦% |
| ૩ | ટાટા મોટર્સ | ૧૧૪૨ | ૧૨૨૧.૮૦ | ૧૨૫૭.૯૦ | ૧૧૬ | ૧૦.૧૪% |
| ૪ | બેંક ઓફ બરોડા | ૮૫૬ | ૯૦૪.૮૦ | ૯૩૨.૮૫ | ૭૭ | ૮.૯૮% |
| ૫ | એક્સિસ બેંક | ૧૨૨૧ | ૧૨૭૫.૯૦ | ૧૩૪૮.૮૫ | ૧૨૮ | ૧૦.૪૭% |
| ૬ | એવરોન | ૫૩૭ | ૫૬૬ | ૬૪૮ | ૧૧૧ | ૨૦.૬૭% |
| ૭ | યશ બેંક | ૨૫૭ | ૨૭૦.૩૦ | ૨૮૮.૪૦ | ૩૧ | ૧૨.૨૧% |
| ૮ | એચડીઆઈએલ | ૧૩૭ | ૧૪૮.૭૫ | ૧૫૩.૧૦ | ૧૬ | ૧૧.૭૫% |
| ૯ | વિજયા બેંક | ૮૦ | ૮૪.૮૦ | ૮૬.૫૦ | ૬ | ૮.૧૨% |

**અમે સમજીએ છીએ કે શુક્રવારના ક્લોઝીંગના ભાવથી સાપ્તાહિક ટોપનો ભાવ ગણીએ તો બધાને એ ભાવે એન્ટ્રી ન મળી હોય તથા એ ટોપના ભાવે કોઈ ન નિકળી શક્યું હોય કોઈકનો નફો ઓછો હોય તો કોઈકનો વધારે. પરંતુ મેકડોવેલ એક જ સપ્તાહમાં ૨૨ ટકા ઉછળ્યો જ્યારે એવરોન ૨૦.૬૭ ટકા વધ્યો હોય ત્યારે તમે કંઈક તો જરૂરથી કમાયા હોય તે વાત નક્કી છે.**

## નિફ્ટી અને સેન્સેક્સના સાપ્તાહિક સપોર્ટ અને રેસીસ્ટન્સ

**NIFTY CLOSE : 5458.95**

| | | |
|---|---|---|
| Weekly Resistance | : | 5639-5717 |
| Weekly Support | : | 5277-5209 |

**Sensex CLOSE : 18211.52**

| | | |
|---|---|---|
| Weekly Resistance | : | 18727-19037 |
| Weekly Support | : | 17711-17377 |

**Monday 21-2-11 NIFTY Level**

**NIFTY CLOSE : 5458.98**

| | | |
|---|---|---|
| Resistance | : | 5505-5537 |
| Support | : | 5377-5357 |

**SENSEX CLOSE : 18211.52**

| | | |
|---|---|---|
| Resistance | : | 18387-18427 |
| Support | : | 17977-17911 |

**આ વખતે અમે સોમવારના સપોર્ટ રેસીસ્ટન્સ ટેકનીકલ ચાર્ટ ઉપર કાઢવાને બદલે એવરેજ વોલ્યુમ અને એવરેજ કલોઝના પુરા સપ્તાહના ડેટા ઉપર કાઢ્યા છે. કારણ કે શુક્રવારે બજારની ગતિવિધિ ઘણી વધારે હતી અને એક દિવસ બજારમાં પુરા સપ્તાહની પોઝીટીવ ચાલ બાદ પ્રોફીટ બુકિંગ આવે ત્યારે એ વધઘટને બજારના ટ્રેન્ડ માટે માપદંડ તરીકે ગણવામાં ભૂલ ભરેલું બની શકે. આવતા સપ્તાહમાં પણ સોમવારે ઉઘડતા દિવસે જે પ્રમાણે બજાર ચાલશે તે પ્રમાણે મહદ અંશે સપ્તાહ દરમ્યાન ચાલ રહેશે. સિવાય કે કોઈ મોટી વધઘટ આવી જાય.**

## નિફ્ટી ટેકનીકલ વ્યૂ

**તા. ૧૧-૨-૨૦૧૧ દિવસે નિફ્ટીએ ઘટતા ઘટતા ૫૧૭૭.૭૦નું બોટમ બનાવ્યું હતું. ત્યારથી અમે અમારા ફીબોનાસી સપોર્ટ રેસીસ્ટન્સના લેવલમાં થોડાં ફેરફાર કર્યા છે. પરંતુ જાન્યુઆરી ૨૦૧૦ના પ્રથમ સપ્તાહે નિફ્ટીના ટોપ ૬૧૮૧ અને સેન્સેક્સના ટોપ ૨૦૬૬૪ ને સ્ટ્રોંગ રેસીસ્ટન્સ તરીકે અમે બીજા ફેરફાર સુધી ગણનામાં લેવાનું ઉચિત સમજીએ છીએ. એ પ્રમાણે ચાર્ટ ઉપર ગણવા કરતા નિફ્ટીનું પ્રથમ રેસિસ્ટન્સ લેવલ હજી પણ ૫૭૯૭ આસપાસનું બને છે. નિફ્ટી તેની સાપ્તાહિક અપ મુવ જાળવી રાખે તો સમયગાળાની ચર્ચા ન કરતા ફક્ત ઉપરના લેવલની જ વાત કરીએ તો નિફ્ટી પ્રથમ ૫૭૯૭ ટેસ્ટ કરવા આવે અને એ પાર થાય તો ૬૧૮૧ ધ્યાનમાં રાખવા.**

**પરંતુ જો નિફ્ટી ૫૬૦૦ ઉપર ન ટકી શકે તો ફરીથી પ્રથમ ૫૧૭૮ આવે અને ત્યારબાદ મધ્યમગાળાની શક્યતા અમે આપી છે. બાકી સાપ્તાહિક લેવલ અત્રે આપેલ છે તે ઉપર સપ્તાહ દરમ્યાન ટ્રેડ કરવું વધારે ઉચિત રહેશે. બંને તરફે સપોર્ટ-૧ અને રેસીસ્ટન્સ-૧ તૂટે તો આગળની શક્યતા વિચારી શકાય. બજાર સારા બજેટ થકી પોતાની સરસાઈ અને અપ મુવ જાળવી શકે તો નિફ્ટી ૬૮૧૧ સુધી જઈ શકે અને બજેટ બજારની અપેક્ષાએ ઊણું ઉતરે તો નિફ્ટીનો અંતિમ પડાવ ૪૫૫૭નો જાણવો.**

## તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૧૧થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૧ નાં ટ્રેડીંગ લેવલ્સ

ગત સપ્તાહે પ્રિ બજેટ રેલીનો આખરી તબક્કો જોવા મળ્યો. જો કે શુક્રવારે આપણે બે કલાકમાં જ કેટલોક ઘટાડો જોયો, જો કે આપણે નિફ્ટીના લઘુત્તમ ઘટાડાથી આશરે ૩૦૦ની નજીક નિફ્ટી વૃદ્ધિ આ ઘટાડામાં પણ જોઈ શકયા.

જો કે હજુ પણ મને લાગે છે કે બજેટના દિવસે ૫૭૦૦ ની સપાટી જોવા મળે તેવી શકયતા છે, પરંતુ હવે આપણી સામે છે મહત્વની એફ એન્ડ ઓ એક્ષપાયરી અને બજેટ સમયે તે તબક્કામાંથી જ પસાર થવાનું છે. આ વખતે સોમવારે બજેટ પહેલાં તેજી તરફી અને મંદી તરફી બંને તેમના રોકાણનું કદ સમતોલન કરવા પ્રયત્ન કરશે તેથી સેટલમેન્ટ ચંચળતાપૂર્ણ થશે તેમ જણાય છે.

હવે પરિણામોની ઋતુ પૂર્ણ થયેલ છે અને તેથી દેખાવ નીચે તરફના શેડોને આધારિત છે. સેન્સેક્ષ માટે ના. વ. ૨૦૧૨નું ઈ પી એસ ૧૨૫૦+ અંદાજવામાં આવે છે તેમાં પણ ભારે શંકા રહે છે. તે ૧૦૦ પોઈન્ટ નીચે આવી શકે અને તે સેન્સેક્ષના વાર્ષિક દેખાવને ગંભીરપણે અસરકૃત બની શકે.

આ વખતે પણ અમૂક પસંદગીના ધોરણે રાહત પેકેજ પરત ખેંચવાની વાત આવી છે અને કોર્પોરેટ નિષ્ણાતોએ આ માટે અવાજ કરવાનો શરૂ પણ કરી દીધેલ છે. મને એમ જણાય છે કે એફ એમ ને લોકો માટે કંઈક કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી.

**સાપ્તાહિક ટ્રેન્ડ**



**માધવ રાનડે**
**મો. ૦૯૩૭૧૦૦૨૯૪૩**
email: sumamura@dataone.in

પી એમ ની પ્રેસ કોન્ફોરન્સે એફ આઈ આઈને ખરાબ સંકેત પાઠવ્યા છે. હવે તેઓ અસાધારણ સપ્તાહ માટે નજર રાખી રહેલ છે. હવેના દેખાવ માટે પણ ગંભીર શંકા રહે છે.

૧૦ શેરના લીસ્ટ તરફ નજર રાખો, મને એમ લાગે છે કે આવનાર સપ્તાહમાં કોઈ મહત્વની ગતિ જોવા મળે. આ લીસ્ટ મારી વેબસાઈટ www.sumamura.com પર છે.

બીજી વધારાની માહિતી માટે મારી વેબસાઈટ WWW.SUMAMURA.COM ની મુલાકાત લેવાનું ચાલુ રાખો. મારી વેબસાઈટ ફેબ્રુઆરી ૨૦૧૧ ના પ્રથમ સપ્તાહથી પેઈડ વેબસાઈટ બનેલ છે.

એક વાત ખાસ યાદ રાખો મૂડી હંમેશાં દુર્લભ હોય છે તેનું સન્માન કરો. હું લભગભ બધા જ દિવસ યાહુ મેસેન્જર ઉપર ઉપલબ્ધ હોઉં છું, તમે મને યાહુ મેસેન્જરમાં એડ કરી શકો છો. મારો યાહુ આઈડી **madhavranade1** છે.

જો તમને આ અંગે કોઈ શંકા હોય તો મને **09371002943** ઉપર ફોન પણ કરી શકો છો, તેમ જ મારો ઈ મેઈલ્ છ **sumamura@dataone.in**

| posn trading lvls | | date | 21st / 25th feb 2011 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 18230 | 18090/17930/770/610 | 18330 |
| | long | 18330 | 18550/790/19030 | 18230 |
| BSE auto index | short | 8740 | x | 8800 |
| | long | 8800 | x | 8740 |
| BSE capital goods | short | 13170 | x | 13260 |
| | long | 13260 | x | 13170 |
| BSE FMCG index | short | 3290 | x | 3330 |
| | long | 3330 | x | 3290 |
| BSE health index | short | 5920 | x | 5975 |
| | long | 5975 | x | 5920 |
| BSE metal index | short | 15935 | x | 16065 |
| | long | 16065 | x | 15935 |
| BSE oil & gas INDEX | short | 9320 | x | 9420 |
| | long | 9420 | x | 9320 |
| BSE PSU index | short | 8440 | x | 8520 |
| | long | 8520 | x | 8440 |
| BSE realty index | short | 2056 | x | 2088 |
| | long | 2088 | x | 2056 |

## ટ્રેડીંગ આઈડીયા

હવે અંતમાં થોડાંક શેરની ચર્ચા કરીશું. એક વાત નોંધી લઈએ કે સપ્તાહ દરમ્યાન વિદેશી ફંડોની ઈક્વિટીમાં ગતિવિધિ સીમિત થઈ ગઈ છે. ૭-૨-૧૧ થી ૧૧-૨-૧૧ ના સપ્તાહમાં તેમણે હેવી સેલિંગ કર્યું હતું અને લગભગ ૨૯૦૦ કરોડનું નેટ સેલિંગ કર્યું હતું. હવે કુલ્લે ખરીદ અને વેચાણના વોલ્યુમમાં પણ થોડો ઘટાડો નોંધાયો છે તથા નેટ વેચાણ ખરીદમાં ખૂબ જ મોટો ઘટાડો નોંધાયો છે . તેમનો પોર્ટફોલિયો બજેટ પહેલાં તેમણે રિશફલ કરી લીધો હોય તેવું લાગે છે. પુરા સપ્તાહ દરમ્યાન વિદેશી ફંડો સરવાળે ખરીદી તરફી રહ્યા હતા પરંતુ તેમનું નેટ ખરીદ ફક્ત ૩૯૦.૨૯ કરોડ પુરતું સીમિત રહ્યું હતું.

હવે બજાર વિદેશી ફંડોની ખરીદી કે વેચાણ આધારિત મુવમેન્ટ ઓછી દેખાડશે અને તે દરમ્યાન ઓપરેટરો પોતાની મનગમતી જાતોમાં તોફાન મચાવવાની તક જતી નહીં કરે તેથી સાવચેતીથી ફસાઈ ન જવાય તે પ્રમાણે બજેટ સુધી વેપાર ગોઠવવાની સલાહ છે.

**(૧) હિન્દયુનિલિવર બંધ ભાવ (૨૭૯.૪૦)** : આવતા સપ્તાહે ઓછી વધઘટ વાળા તથા વધારે વોલ્યુમવાળા સલામત સ્ટોક ઉપર તમારું ધ્યાન કેન્દ્રિત કરો તે હિતાવહ રહેશે. સોમવારે ૨૭૮ ન તોડે ત્યાં સુધી સારો અને ૨૮૩-૨૮૭ની શક્યતા રહે. ૨૭૮ તોડતાં પ્રથમ ૨૭૫ આવે અને ત્યાર બાદ ૨૬૯ની શક્યતા.

સાપ્તાહિક વાત કરીએ તો ૨૬૮નું બોટમ બનાવી સુધારા તરફી છે અને ૨૭૬નો સપોર્ટ ધરાવે છે. એ ન તૂટે તો સપ્તાહ દરમ્યાન ૨૮૫-૨૯૦ વચ્ચેનો ભાવ આવી શકે અને તોડે તો ફરી ૨૬૩ સુધી નીચે જઈ શકે. શુક્રવારે થોડી મજબૂતાઈ દેખાડતો હોવાથી અમે આ શેરની પસંદગી કરી છે.

**(૨) જિંદાલ સ્ટીલ બંધ ભાવ (૬૭૯)** : શુક્રવારે આ શેરમાં વિચિત્ર ભાવો પડતાં જોવાયા હતા. એનએસઈ ખાતે ૬૬૫નું બોટમ બનેલું તથા ૬૯૭ નો ટોપ પણ બન્યો હતો. આ ૬૯૭નો ટોપ તેનો સાપ્તાહિક ટોપ પણ છે. સાપ્તાહિક ચાર્ટ ઉપર ૬૦૩.૯૦નું બોટમ બનાવીને સુધારા તરફી ઝોંક બતાવી રહ્યો છે.

સોમવારે ૬૮૦ ઉપર રહે ત્યાં સુધી લેણમાં ઊભા રહેવાય. પરંતુ મોટી વધઘટ નોંધાતી હોવાથી બજારની રુખ પ્રમાણે વેપાર ગોઠવવો. ૬૯૫નો પ્રથમ અને તે પાર થાય તો ૭૧૨ સુધી જઈ શકે. પરંતુ ૬૬૭ તોડતાં ૬૪૮ સુધીની નીચેની ચાલ ખુલ્લી થઈ જાય. માટે સાવચેતીથી વેપાર ગોઠવવો.

**(૩) ભેલ બંધ ભાવ (૨૦૯૬.૧૦)**

શુક્રવારે ૨૧૩૫નો ટોપ બનાવી પાછો પડ્યો અને ૨૦૯૬ ઉપર બંધ આવ્યો. ૨૧૧૧ ઉપર આ શેરમાં તેજી પડવાની શક્યતા રહેલી છે. ૨૧૧૧ ઉપર બંધ ૦આપી શકે તો ૨૧૨૭ અને ૨૧૬૦ ની શક્યતા બે ત્રણ દિવસમાં ઊભી થાય.

સાપ્તાહિક ધોરણે ૨૦૮૨ ઉપર ટકી રહે તો ૨૧૬૦નો પ્રથમ અને ૨૨૩૩નો

**અનુસંધાન પા.નં. ૭ ઉપર**

## સીબીઆઈની તપાસ અને તેમાંથી ઉદ્‌ભવતા કૌભાંડો બજારને હચમચાવે છે

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેરબજારનો સૂચકઆંક ૧૮૨૦૦ ઉપર બંધ આવ્યો છે. શુક્રવારે ૨૪૦ પોઈન્ટનો ઘટાડો આવ્યો છે. ઈન્વેસ્ટરો મુંઝાયા કરે છે. શું કરવું અને શું ના કરવું. સારા પબ્લિક ઈસ્યુઓની અછત છે. તો આવા વખતે રોકાણ ક્યાં કરવું જે ઈન્વેસ્ટરની લિક્વીડીટી પોજીશન સારી છે અને સરપ્લસ મૂડી છે એમણે સારી ફન્ડામેન્ટલવાળા રોકાડાના શેરોમાં અચુક રોકાણ કરવું જોઈએ. આવા શેરો બેથી ત્રણ વર્ષમાં ગમે ત્યારે બમણાં થઈ શકે છે.

સેબીના ચેરમેન શ્રી ભાવે સાહેબ રિટાયર થઈ રહ્યા છે એમની જગ્યા શ્રી ઉપેન્દ્રસિંહાની આવ્યા છે. બંનેને શુભેચ્છાઓ તથા નાના ઈન્વેસ્ટરોની રક્ષા અપ્રમાણિક પ્રમોટરોથી કરે તેવી પ્રભુને પ્રાર્થના. અમારા અભ્યાસ પ્રમાણે એપ્રિલ ની ૨૦મી સુધી આવું જ ચાલશે પણ રોકડાના સારા શેરોમાં તેજી મે મહિનામાં આવશે. આવું વર્ષોથી ચાલે છે. બજેટ સારું હોય તો વાયદાના સારા શેરોમાં તેજી આવશે.

આવનારા સમયમાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**(૧) ગુલશન પોલીસ બીએસઈ કોડ ૫૩૨૪૫૭** થી લિસ્ટેડ પાંચ પેઈડ અપ ૮૪ રૂા.માં મળતો આ શેર રોકાણ માટે ઉત્તમ છે.

**ગોલ્ડ માઈન**

**મોના વકીલ**

(૧) દવા ઉદ્યોગમાં જરુરી સોરબીટોલ બનાવતી ઈન્ડિયાની આ મોટામા મોટી કંપની છે.

(૨) કંપનીની શેરમૂડી ફક્ત ૪ કરોડની છે. જેમાં પ્રમોટરનું હોલ્ડીંગ ૭ ટકા તથા કોર્પોરેટ સંસ્થાઓનું હોલ્ડિંગ ૭૪ ટકા છે. બજારમાં ફ્લોટિંગ સ્ટોક ખૂબ જ ઓછો છે.

(૩) ૪ કરોડની કેપિટલ સામે કંપની ૮૯ કરોડનું રિઝર્વ ધરાવે છે.

(૪) ડીસે. ૨૦૧૦ના કવાર્ટરમાં કંપનીએ ૯૯ ટકાનો નફામાં ઉછાળો બતાવી ૭ કરોડનો નફો બતાવ્યો છે. અને નવ મહિનામાં ૧૪ કરોડનો નફો બતાવ્યો છે. આમ ફક્ત ૪ના પીઈથી મળે છે.

(૫) કંપની ૨૫ ટકા ડીવીડન્ડ ચૂકવે છે. ૮૪ના ભાવે અચુક લેવાય.

**(૨) દરિયાના શીપયાર્ડ બીએસઈ ખાતે** લિસ્ટેડ ૧૦રૂા.નો ૫૨માં મળતો આ શેર આ ભાવે અચુક લેવાય.

(૧) કંપનીની શેરમૂડી ૬ કરોડની છે. જેમાં પ્રમોટરોનું હોલ્ડીંગ ૮૨ ટકા તથા કોર્પોરેટ સંસ્થાઓનું હોલ્ડીંગ ૮૨ ટકા છે.

(૨) નવ મહિનામાં કંપનીએ ૧૧ કરોડનો નફો બતાવ્યો છે. આમ ફકત ૩ ના પીઈથી મળે છે. અચુક લો.

આ સિવાય એએસએમ ટેકનોલોજી, એપ્લેક્ષ, ઓરિએન્ટ સીરામિક તથા સાગર સીમેન્ટ આ ભાવે ધ્યાનમાં રાખી શકાય. લિક્વીડીટી ઈન્વેસ્ટરની સારી હોય અને હિંમત થોડી હોય તો સામે ચાલીને અચુક લો.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387